॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

એપ્રીલ ૨૦૧૨
રૂા. ૫/૦૦



શ્રી ઘનશ્યમ મહારાજના મંદિરની શીલા પધરાવતા યજમાન પ.ભ. નરેન્દ્રભાઈ ચત્રભુજ સોમૈયા સહ પરિવાર સાથે પૂજન કરતા આચાર્યમહારાજશ્રી તથા પૂ. મહંત સ્વામી આદિ સંતો



દીપપ્રાગટ્ય કરતાં પૂજ્ય મહંત સ્વામી આદિ વડીલ સંતો



પોથીયાત્રામાં પોથીને મસ્તક ઉપર ધારણ કરી રહેલ યજમાન પરિવારના બહેનો તથા બહોળી સંખ્યામાં સંતો તથા ભકજનો



કથા સ્થાપન પૂજન કરતા મુખ્ય યજમાન પ.ભ. લાલજીભાઈ કલ્યાણ શીયાણી (માનકુવા) તથા અન્ય દાતાશ્રીઓ



શ્રી સુખશય્યા મંદિરની શીલા પધારવતા યજમાન શ્રી અંજાર મંદિરના મહંત સાં.યો. ત્રિવેણીબેન મંગલજી વતી પરિવારના સભ્યો



શ્રી હનુમાનજી મંદિરની શીલા પધરાવતા યજમાન પ.ભ. કેશરાભાઈ દેવસી સાંખલા તથા પરિવારના સભ્યો


















(૧) પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીની વિશાળ શોભાયાત્રામાં શણગારેલા વાહન ઉપર બિરાજમાન શ્રી ઠાકોરજી તથા યજમાનશ્રીઓ. (૨) પૂજ્યપાદ મહારાજશ્રીની વિશાળ શોભાયાત્રામાં બહોળી સંખ્યામાં જોડાયેલા સંતો તથા ભક્તજનો. (૩) શોભાયાત્રામાં યુદ્ધ ટેન્કના રૂપમાં શણગારેલા વાહનમાં બિરાજમાન પ.પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી સાથે પૂજ્ય મહંત સ્વામી તથા પાર્ષદ જાદવજીભગત તથા દાતાશ્રીઓ. (૪) સભામંડપમાં સૌ કોઈ ભક્તજનોને દર્શન આપતા પૂજ્યપાદ મહારાજશ્રી તથા પૂજ્ય મહંત સ્વામી આદિ વડીલ સંતો. (૫) વક્તાશ્રી તથા પોથીની આરતી ઉતારતા યજમાનશ્રીઓ તથા દાતાશ્રીઓ. (૬) રાત્રી પ્રોગ્રામમાં નૃત્ય દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ રજુ કરતા શ્રી સહજાનંદ ગુરૂકુલના વિદ્યાર્થીઓ. (૭) રાત્રી પ્રોગ્રામમાં નૃત્ય દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામની ઝલક રજુ કરતી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતિ મંડળ અંજારની યુવતીઓ તથા બાલીકાઓ. (૮) વક્તાશ્રીઓનું પૂજન કરતા કથાના મુખ્ય યજમાન શ્રી પ.ભ. લાલજીભાઈ કલ્યાણ શીયાણી – માનકુવા હાલે મોમ્સાબા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। યાવજ્જીવં ચ શુશ્રૂષા કાર્યા ।।

।। માનવસેવા પ્રભુસેવા।।

**ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક**

## લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

## :: લવાજમ ::

| | |
|---|---|
| દેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.


**:: E-mail ::**

sandesh@bhujmandir.org

info@bhujmandir.org

**:: website ::**

www.bhujmandir.org.



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૧, અંક - ૪ - એપ્રિલ - ૨૦૧૨
સળંગ અંક - ૩૧૭

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**

અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**

સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**-:: તંત્રી ::-**

શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**

શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી

સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

## તંત્રીની કલમે...

ભગવાન શ્રી સ્વામિનારાયણે દૈહિક અને આધ્યાત્મિક ધર્મોપદેશ સાથે સમાજ સુધારણા સહિત ઉત્સવોને જીવંત બનાવી ધાર્મિક બોધને રસિક અને મનોરંજક બનાવ્યો છે. ઉત્સવોને ધર્મ અને ભક્તિ સાથે સાંકળી દીધા છે.

તા. ૭ માર્ચ ૨૦૧૨, ફાગણ સુદ ૧૪ ના હોળીનો અને તા. ૮ માર્ચ ૨૦૧૨, ફાગણ સુદ ૧૫ ના ધુળેટીનો રંગભર્યા ઉત્સવો ઉજવીને આપણે આનંદ માણ્યો. ઉત્તરા ફાલ્ગુનીના યોગ પ્રમાણે શ્રી નરનારાયણદેવ જયંતિ ફૂલદોલનો ઉત્સવ ધુળેટીના પછીના દિવસે ફાગણ વદ ૧ ના ઉજવ્યો.

હોળીના તહેવાર સાથે ભક્ત પ્રહલાદની કથા ગૂંથાયેલી છે. હિરણ્ય કશિપુ અસુરે પોતાનો પુત્ર ભગવાનનો ભક્ત હોઈ તેને મારી નાખવા અગ્નિમાં બળે નહીં એવું વરદાન પામેલી હોલિકાના ખોળામાં બેસાડી ચારે બાજુ અગ્નિ સળગાવ્યો. પરંતુ ભક્તવત્સલ પ્રભુએ એવી લીલા કરી કે હોલિકા બળીને ખાખ થઈ ગઈ. ભક્ત પ્રહલાદ હેમખેમ રહ્યા. ધર્મનો જય થયો. અધર્મનો નાશ થયો.

આ ઉત્સવ ગોપીકૃષ્ણના રંગોત્સવની રાસલીલાની પણ યાદ આપે છે. પ્રેમલક્ષણા ભક્તિનો આદર્શ એવી ગોપીઓ કાનુડા સાથે કેસૂડો રંગ અને ગુલાલની રંગે રમતમાં ગુલાતાન બની જતાં. એ કથા પ્રેમલક્ષણા ભક્તિના ઈતિહાસમાં સુવર્ણની કડી બની રહેલી છે અને એ પરંપરા આજે ગોપગોપીઓ જાળવી રહ્યા છે.

આ તહેવારોમાં ઘણા પ્રેમી ભક્તો રંગોત્સવનું પ્રત્યક્ષ દર્શન કરવા મથુરા, ગોકુલ, નંદગામ, બરસાણા આદિ સ્થળોએ જાય છે અને કાનગોપીના ભક્તિમય રંગરાસમાં પોતાના હૈયાને ડોલાવી મોજ માણે છે.

કનૈયાના ગામ નંદગામ વાળા રાધાજીના ગામ બરસાણાની માનુનીઓ તેમને તગડી મૂકવા લાઠીઓ વીંઝે છે, પરંતુ શ્રીકૃષ્ણના ગોપમિત્રો ગાંજ્યા જતા નથી અને લાઠી પ્રહારથી બચીને કે પ્રહાર વેઠીને પણ સંગીતભર્યા હોળીનાં ગીતો સાથે રમતમાં અડીખમ રહે છે.

ગુજરાત, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન આદિક પ્રદેશોમાં હોળીની વિશેષ ધૂમ મચે છે. ઘેરો વગાડતા વૃન્દને હોળીનાં ગીતો ગાતા સાંભળવા એક લ્હાવો છે. ''કાનો ભોળો રે, દ્વારકાંનો નાથ, કાનો ભોળો રે.'' જેવાં ગીતો અને ઘેરાનું તાલબધ્ધ સંગીત સાંભળનાર ઝૂમી ઊઠે છે.

મારવાડમાં હોળીનો મહિમા દિવાળી કરતાં પણ વિશેષ છે. કહેવત થઈ ગઈ છે કે, ''દિવાળી અઠે કઠે, હોળી તો ઘરે '' દિવાળી ગમે ત્યાં ઉજવાય પણ હોળી તો ઘરે જ ઉજવાય.

શ્રીજી મહારાજે કરેલા હોળીના સમૈયા આપણા સંપ્રદાયના ઈતિહાસનું એક આકર્ષક પ્રકરણ છે. આ તહેવારમાં શ્રીહરિ જ્યાં હોય ત્યાં રંગનો અને ફગવાનો પ્રસાદ લેવા હરિભક્તો આપોઆપ પહોંચી જાય અને મોટો સમૈયો થઈ જાય.

જિતેન્દ્ર રાજાએ કરેલી પ્રાર્થનાને સ્વીકારી ભગવાને સારંગપુરમાં હોળીનો સમૈયો કરેલો તેનું વર્ણન વાંચવું કે સાંભળવું રમણીય છે. રંગમંડપમાં કેસૂડા રંગની નદી વહી ચાલી અને આભમાં ગુલાલનાં વાદળ છવાઈ ગયાં ! એ તો ઠીક ! પરંતુ શ્રીજી મહારાજે સદુપદેશનો રંગ છાંટતાં હરિભક્તોને કહ્યું, ''નવ ખંડ ભૂમિનું રાજ્ય અને કુબેર જેટલું ધન મળે તો પણ જેને હરિનો રંગ લાગતો નથી તો તેનાથી કાંઈ અર્થ સરતો નથી'' હોળી અને ધુળેટી બે દિવસ ઉત્સવ ચાલ્યો. શ્રીહરિ પોતે રમતમાં ઉતર્યા અને સંતો હરિભક્તોને રંગમાં તરબતર કર્યા.

રંગની રમતને અંતે રાજાધિરાજ શ્રીહરિ ફગવા અને ખજૂરનો પ્રસાદ આપી સૌને પ્રફુલ્લિત કરતા.

કચ્છ સત્સંગમાં પણ એ પ્રણાલિકા ચાલે છે. ભુજ મંદિરમાં ફગવા અને પતાસાંનો પ્રસાદ વહેંચાય છે, ઉત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજ કે પ.પૂ. આચાર્ય મહારાજની સુવર્ણ પિચકારીમાંથી ઉડતા રંગ ફૂવારામાંથી એક બુંદ પણ પોતાના શરીરને સ્પર્શે તો હરિભક્તો ભાવવિભોર થઈ નાચી ઊઠે છે.

શ્રીજી મહારાજે ઉત્સવ પ્રસંગે સુરાપાન, ભાંગ વગેરે કેફી દ્રવ્યો, ગાળાગાળી, નશો કરી જૂનું વેર વાળવાની વૃત્તિ, મારામારી, એક બીજા પર કાદવ ઉડાડવો વગેરેનો નિષેધ કરેલો છે એ વાત સ્મરણમાં રાખી જાગૃત રહીએ. ઈતિ. જય શ્રી સ્વામિનારાયણ.

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

**લેખાંક – ૭**

લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - વેદાન્તાચાર્ય

***વેદોપનિષદ્‌ની ગહનતા અને વચનામૃતની સરલતા.***

અત્યાર સુધી આપણે વેદનો સંક્ષેપથી પરિચય જોયો હવે વચનામૃતનો સંક્ષેપથી પરિચય જોઈએ. અને વેદથી કરીને વચનામૃત સુધી જે જે ગ્રન્થો છે તેનો પણ સંક્ષેપથી પરિચય આગળ જોઈશું.

વેદનું જ્ઞાન-વિજ્ઞાન, વિદ્યાઓ, કળાઓને સામાન્ય માનવ સમજી શકે તેના માટે ભગવાન અનેક અવતારો અનેક ઋષિમુનિઓ, આચાર્યો, સંતો-ભક્તોએ જિજ્ઞાસુ જીવાત્માઓ સમજી શકે તેવાં અનેક પ્રકારના વેદોપબ્રહ્મક શાસ્ત્રો રચ્યાં અને તેના માધ્યમથી વેદોનું જ્ઞાન જન જન સુધી પહોંચતુ રહ્યું.

વેદ પછી બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ, સંહિતાઓ, બ્રહ્મસૂત્ર, ગૃહ્યસૂત્ર, ભક્તિસૂત્ર, યોગસૂત્ર આદિ સૂત્રગ્રન્થો, ભગવદ્‌ગીતા, અષ્ટાવક્રગીતા આદિ ગીતા ગ્રન્થો,યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, મનુસ્મૃતિ આદિ સ્મૃતિગ્રન્થો, રામાયણ-મહાભારતાદિ ઈતિહાસ ગ્રન્થો, શ્રીમદ્‌ભાગવત આદિ પુરાણો, વિદુરનીતિ આદિ નીતિગ્રન્થો, શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય આદિ આચાર્યો દ્વારા પ્રસ્થાનત્રય આદિ ગ્રન્થો પર વિરચિત ભાષ્યગ્રન્થો, ત્યાર બાદ અનેક પન્ડિતો દ્વારા લખાયેલ ભાષ્યગ્રન્થો પર ટિપ્પણીગ્રન્થો, મહાન કવિઓ દ્વારા લખાયેલ કાવ્યો, નાટકો ગદ્ય ગ્રન્થો આવા અનેક શાસ્ત્રો દ્વારા વેદનું જ્ઞાન વહેતું રહ્યું અને આજે પણ વહેતું દેખાય છે. સંસારમાં તાપત્રયથી તપતા જીવોને વેદોનું જ્ઞાન પવિત્ર સુખમય કરતું રહ્યું છે.

આવીજ વેદની પવિત્ર જ્ઞાન ગંગાને પુનઃ પુનઃ વેગ આપવા માટે યથા યોગ્ય સમયે ભગવાન સ્વયં અથવા ઋષિઓ-મુનિઓ, આચાર્યો, સંતો -ભક્તો પૃથ્વીપર આવી સાક્ષાત ઉપદેશ દ્વારા અને શાસ્ત્રો દ્વારા પ્રયાસ કર્યો છે. આવી જ ઐશ્વર્ય પરંપરામાં સાક્ષાત્ પરમાત્મા સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણ રૂપે આ પૃથ્વી પર અવતરી વેદના દૂર્બોધ અને મહાન જ્ઞાન-વિજ્ઞાનને સામાન્ય જિજ્ઞાસુ મનુષ્યો સુધી પહોંચાડવા માટે વિચરણ કર્યું અને સંતો દ્વારા સરલ અને વૈદિકજ્ઞાનને પિરસતાં શાસ્ત્રોની રચના કરાવી. અને સ્વયં અમૃતમય પરાવાણી દ્વારા જે હજારો સંતો-ભક્તો ઉપદેશ આપ્યો તેની ફળશ્રુતિ રૂપે એક મહાન 'વચનામૃત' રૂપિ ગ્રન્થ અવતર્યો જેનું આપણે રોજ પ્રભાતે વાંચન કરીને દિવસની શુભ સરૂઆત કરીએ છીએ.

***વૈદિક ગ્રન્થ 'વચનામૃત' નું અવતરણ થયું.***

વેદ અનાદિ છે. ભારતીય તત્ત્વજ્ઞાનના સાહિત્યમાં વેદ પ્રાચીનતમ ગ્રન્થ ગણાય છે. એમાં જ્ઞાન, વિજ્ઞાન, ધર્મ, ન્યાય, નીતિ, વ્યવહાર, આધ્યાત્મિક, અર્થનીતિ, રાજનીતિ, આ બધુ જ વેદ મંત્રો દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે.

વચનામૃતનું અવતરણ આજથી બસો વર્ષ પહેલાં થયું તેમાં વેદના અનેક રહસ્યોને પ્રગટ કરવામાં આવ્યા છે. વચનામૃતમાં અનેક જગ્યાએ ઉપનિષદ્-ગીતા,પુરાણો, ધર્મગન્ર્થો, સ્મૃતિગ્રન્થો નીતિગ્રન્થોના ગૂઢ રહસ્યોને પણ સરલ ભાષા અને શૈલીમાં પ્રગટ કરવામાં આવ્યા છે. તેથી જ કહી શકાય કે - વચનામૃત ગ્રન્થ વેદાન્તથી ભરપૂર ભરાયેલો છે. જે વેદાન્તને સમજવા માટે અનેક વર્ષો સુધી ગુરુના સાનિધ્યમાં રહિને શાસ્ત્રાભ્યાસ કરવો

પડે રાત-દિવસ તપ.સાધના કરવી પડે વેદાભ્યાસ, પઠન, પાઠન, મંત્રોનું અર્થ સહિત રટન કર્યા પછી જે વેદોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તે જ્ઞાન અતિ સરલ અને ઓછા પરિશ્રમથી રોજ પવિત્ર થઈને 'વચનામૃત' ગ્રન્થનું વાંચન અને શ્રવણ કરવામાં આવે તો વેદાન્તનું જ્ઞાન 'વચનામૃત' દ્વારા અલ્પ પરિશ્રમ અને અલ્પાભ્યાસથી સમજાઈ જાય. પરન્તુ પ્રશ્ન થાય છે કે - વેદ તો અનાદિ છે, મહાન છે પરન્તુ વચનામૃતનું અવતરણ તો આજથી બસો વર્ષ પહેલાં થયું - તો પછી આ બન્ને વચ્ચે શું સંબન્ધ છે ? આવા પ્રશ્નનો જવાબ વચનામૃતમાં જ મળી આવે છે. કારણ કે વેદ ભગવાનની પરા વાણી છે. ભગવાનના અમૃતરૂપી વચનો છે. તો આ બાજુ વચનામૃત પણ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિની પરા વાણી છે, તેમાં ભગવાનનાં અમૃતરૂપી વચનો છે.

'વચનામૃત ગ્રન્થ' વેદના જ્ઞાન - વિજ્ઞાનનો સામાન્ય લોકોને જીવનમાં સાક્ષાત્કાર કરાવે છે. વેદમાં જ્ઞાન, વિજ્ઞાન, ધર્મ, ન્યાય, નીતિ, વ્યવહાર, અર્થનીતિ, રાજનીતિનું સ્પષ્ટ વર્ણન કરેલ છે. વચનામૃતમાં એજ રીતને અનુસરી મનમાં ઉદ્ભવતી વ્યવહારીક અને આધ્યાત્મિક શંકાઓનું સમાધાન કરે છે. વેદ સાર્વભૌમ છે. કોઈ એક સમાજ કે સંપ્રદાય માટે નથી, કોઈ સમય મર્યાદા કે યુગકાળ માટે નથી. તે સદાકાળ છે.યુગો-યુગમાં પણ એટલુ જ જ્ઞાન - વિજ્ઞાન આપે છે. આજે પણ માનવને જીવન જીવવા માટે એટલું જ માર્ગ દર્શન આપે છે. જેટલું પહેલાં આપતું હતું. વચનામૃત પણ સાર્વભૌમ અને સદાકાળ છે. તમામ પ્રકારના લોકો માટે છે. પન્ડિત હોય કે અશિક્ષિત હોય, બન્નેને માર્ગ દર્શન આપે છે. જયારે શ્રીહરિની વચનામૃતની અમૃતધારા વહેતી હતી ત્યારે જે ભક્તોએ સ્નાન કર્યું તે જ માત્ર પવિત્ર અને જ્ઞાન યુક્ત ભક્તિ મય બન્યા, નિશંસય બન્યા એવું નથી . આજે પણ હજારો સંતો-ભક્તો વચનામૃતની જ્ઞાનધારામાં સ્નાન કરી પવિત્ર બને છે અને નિશંસય મનવાળા થઈ ભગવદ્ભક્તિ મય બને છે.

## તા. ૫-૪-૨૦૧૨ થી તા. ૪-૫-૨૦૧૨ સુધી કચ્છમાં કથા પારાયણો

| | | |
|---|---|---|
| ચૈત્ર વદ ૧ થી ચૈત્ર વદ ૫/૬ | તા. ૭-૪-૨૦૧૨ થી તા. ૧૧-૪-૨૦૧૨ | - ભક્તિનગર |
| ચૈત્ર વદ ૨ થી ચૈત્ર વદ ૭ | તા. ૮-૪-૨૦૧૨ થી તા. ૧૨-૪-૨૦૧૨ | - રામપર ન.વા. |
| ચૈત્ર વદ ૪ થી ચૈત્ર વદ ૯ | તા. ૧૦-૪-૨૦૧૨ થી તા. ૧૪-૪-૨૦૧૨ | - મદનપુર |
| ચૈત્ર વદ ૪ થી ચૈત્ર વદ ૯ | તા. ૧૦-૪-૨૦૧૨ થી તા. ૧૪-૪-૨૦૧૨ | - બળદિયા |
| ચૈત્ર વદ ૭ થી ચૈત્ર વદ ૧૧ | તા. ૧૨-૪-૨૦૧૨ થી તા. ૧૬-૪-૨૦૧૨ | - સુરજપર |
| ચૈત્ર વદ ૧૦ થી ચૈત્ર વદ ૧૩ | તા. ૧૫-૪-૨૦૧૨ થી તા. ૧૯-૪-૨૦૧૨ | - સેલારી |
| ચૈત્ર વદ ૧૩ થી વૈશાખ સુદ ૨ | તા. ૧૯-૪-૨૦૧૨ થી તા. ૨૩-૪-૨૦૧૨ | - મેઘપર |
| વૈશાખ સુદ ૧ થી વૈશાખ સુદ ૫ | તા. ૨૨-૪-૨૦૧૨ થી તા. ૨૬-૪-૨૦૧૨ | - ભુજ |
| વૈશાખ સુદ ૬ થી વૈશાખ સુદ ૧૦ | તા. ૨૭-૪-૨૦૧૨ થી તા. ૧-૫-૨૦૧૨ | - દયાપર |
| વૈશાખ સુદ ૭ થી વૈશાખ સુદ ૯ | તા. ૨૮-૪-૨૦૧૨ થી તા. ૩૦-૪-૨૦૧૨ | - કંથકોટ |
| વૈશાખ સુદ ૧૧ થી વૈશાખ સુદ ૧૫ | તા. ૨-૫-૨૦૧૨ થી તા. ૬-૫-૨૦૧૨ | - સુખપર જુ.વા. |
| વૈશાખ સુદ ૧૩ થી વૈશાખ વદ ૩ | તા. ૪-૫-૨૦૧૨ થી તા. ૮-૫-૨૦૧૨ | - ભુજ |

# મહાદયાળુ મહારાજ

- ભારતી ભુડિયા
(નારાણપર ઉ.વા.)

આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત ગુણોના સાગરના સાગર છે. પરંતુ તેમાંથી એક ગુણ છે દયા. તેમની દરિયા જેટલી દયાને કારણે જ આપણા અનંત દોષો સામે નહીં જોઈને તેમના શરણે લીધા છે. કાંઈક આજ્ઞા લોપાઈ જાય, તેમનું ન ગમતું થઈ જાય ને માફી માગીએ એટલે તરત જ માફ કરે છે. વળી કોઈ સંત ભક્તમાં રહીને સાચી વાત સમજાવે છે. કાંઈક દંડ કરીને પણ મોટા દુઃખમાંથી બચાવી લે છે. આપણા પ્રારબ્ધકર્મનું કે જગતનું કાંઈ દુઃખ આપવાનું હોય તો શ્રીહરિ શૂળીનું દુઃખ કાંટે મટાડે છે.

અરે ! સૌથી મોટી મહારાજની દયા તો એ છે કે રામાનંદસ્વામીની ગાદીએ બિરાજ્યા પછી સૌથી પહેલું તેમણે આપણું દુઃખ માંગ્યું. ‘‘ભગવાનના ભક્તોને એક વીંછીનું દુઃખ થવાનું હોય તે અમને થાઓ પણ અમારા ભક્તને થાઓ’’ બીજું એ માંગ્યું કે ‘‘તમારા ભક્તના પ્રારબ્ધના રામપાત્ર જેટલી ગરીબાઈ હોય તે અમને આવો પણ તમારો ભક્ત અન્ન, વસ્ત્રે દુઃખી ન થાઓ ’’ પ્રભુની દયા તો જુઓ ! આટલી દયા તો મહારાજે પ્રથમ જ એડવાન્સમાં માંગી લીધી. વિચાર તો કરો મહારાજે પહેલાં આપણાં સુખનો વિચાર કર્યો. એ જગ્યાએ આપણે હોત તો ભક્તો ! જરા વિચારજો. આજે વિશ્વમાં રેકોર્ડ છે સ્વામિનારાયણ સંપ્રદાયનો કોઈ ભક્ત અન્ન-વસ્ત્રે દુઃખી નથી. તમે જો જો જીવન જરૂરીયાતની વસ્તુ તેને ગમે ત્યાંથી મળી રહે છે. આવા શ્રીહરિનો સ્વભાવ....

જોબનપગી જેવા મહાપાપીનો ઉદ્ધાર કર્યો, કીડી, મકોડા, પાખંડી જીવો પર દયા આણી મહારાજે તેમને ધામ દેખાડ્યું. આટલી દયાળુતા ! જુઓ તો ખરા મિત્રો જગતના કોઈપણ જીવને મહારાજ દુઃખી થતો દેખતા તો તેમનું દિલ દ્રવી ઉઠતું. તરત જ તેના દુઃખને દૂર કરવા તત્પર થઈ જતા. સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ એટલે જ શ્રીહરિની સહજ પ્રકૃતિ વર્ણવી છે,

કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય,
અન્ન, ધન, વસ્ત્ર રે આપીને દુઃખ ટાળે,
કરુણા દષ્ટિએ રે દેખી વાન જા વાળે.

અસ્તુ, જય શ્રી સ્વામિનારાયણ.

# અહંકાર

- સંકલન : રમણિક ગોર
(ભુજ)

મિત્રો માનવમાત્રને અહંકાર દરેક ક્ષેત્રમાં વિઘ્નો ઊભા કરે છે. અહંકાર જીવનમાંથી હટી જાય તો જે દષ્ટાંતરૂપ આ વાત આપણે આપણાં જીવનમાં ઉતારી આપણાં જીવનને ધન્ય બનાવીએ.

એક સમયે યમરાજના દરબારમાં એક દૈવી અને ડાકુ બન્નેના જીવને સાથે આવવાનું થયું. યમરાજાએ બન્નેના ખાતા જોવરાવ્યા. અને તેમના કર્મોનું અવલોકન કર્યું. બન્નેને બતાવ્યા અને કહે છે તમારા કર્મો તમારી સામે છે, તમારે કાંઈ કહેવું હોય તો કહી શકો છો. એકે પુણ્ય કર્યું છે અને એકે પાપ.

ત્યારે પાપકર્મ કરેલ ડાકુએ કહ્યું, હે ધર્મરાજ, મેં જીવનમાં ઘણાં જ પાપકર્મો કર્યાં છે માટે તમારે મને જે સજા કરવી હોય તે કરો હું ભોગવવા તૈયાર છું. જ્યારે દૈવી જીવે પોતાના સત્કર્મના અહંકારે કરીને કહે છે હે મહારાજ ! તમે તો જાણો જ છો કે મેં મારા જીવનભર સત્કર્મો કર્યાં છે, તો મારા માટે મારે યોગ્ય સુખ-સગવડની વ્યવસ્થા કરાવો.

યમરાજાએ બન્ને ઈચ્છા સાંભળી અને પાપી જીવનને કહે છે. તારા કર્મોના ફળસ્વરૂપ આજથી આ પુણ્યશાળી જીવની સેવામાં રહેવાનું છે ત્યારે તે

નમ્રભાવે માથું નમાવીને તે ફળ સ્વરૂપ સજાને માથે ચડાવી પણ આવું સાંભળીને તે પુણ્યશાળીના મનમાં ક્રોધ આવી ગયો અને કહેવા લાગ્યા, મહારાજ ! આ દુષ્ટ પુરુષના સ્પર્શથી હું ભ્રષ્ટ થઈ જઈશ. મારું સત્કર્મ ખંડિત થઈ જશે. માટે તમે કાંઈક યોગ્ય કરો. ત્યારે યમરાજાએ કહ્યું, હે મહાત્મા આ જીવ જે તમે કહી રહ્યા છો તે તો નિર્માનીપણે તમારી સેવા કરવા તૈયાર થઈ ગયા અને તમે માત્ર તમારા કથનથી જ તમારા અધુરા સત્કર્મના અહંકારે તમારી દુર્ગતિ નોતરી બેઠા છો. તમારી આ અધુરી સાધના છે તે પ્રમાણ થાય છે માટે આજથી આ પાપી જીવની સેવા કરવી એ જ તમારું ફળ છે.

માટે મિત્રો ! આપણે સમજવાનું છે કે ક્યારેય પણ કોઈપણ જગ્યાએ અભિમાન રાખવું નહીં. જે વ્યક્તિ બીજાની પીડા દુઃખને જાણતા નથી તે આંખો હોવા છતાં તે આંધળો છે. તો આપણા જીવનમાં આવો અહંકાર ન આવે અને નિર્માનીપણે ભગવાન અને ભગવાનના ભક્તોની સેવા કરી આ જીવનને ધન્ય બનાવીએ એ જ સાચી ભક્તિ અને સેવા.

## આત્મસન્માન અને આત્મનિર્ભરતા

- ઠક્કર મયંક તથા ચવાણ હર્ષિલ
(શ્રીહરિ તપોવન ગુરુકુલ
-ગંગાજી રામપર વેકરા)

શાસ્ત્રોમાં મનને 'મર્કટ' કહેવામાં આવ્યું છે. માંકડાની જેમ એ ઉછળકૂદ કર્યા કરે છે. ઘડીક આ ઈચ્છા તો ઘડીક પેલી. આડેધડ ઈચ્છાઓને નાથીને એને યોગ્ય દિશામાં વાળવાનો એક રસ્તો છે. આત્મસન્માન અને આત્મનિર્ભરતા. આ સંદર્ભે એક જૂની વાર્તા છે.

ઉતાવળે જઈ રહેલા ઘોડેસવારના હાથમાંથી ચાબૂક છટકીને પડી ગઈ. રસ્તે જતો રાહદારી ઘોડેસવારને ચાબૂક પાછી આપવા નીચે વળીને ઉઠાવવા જતો હતો ત્યાં જ ઘોડા પરથી કૂદકો મારી નીચે ઉતરતાં ઘોડેસવાર કહે, ''આભાર આપનો ! હું ચાબૂક મારી જાતે જ લઈ લઉ છું''

પેલા રાહદારીએ કહ્યું, ''એમાં શી મોટી વાત હતી ? તમારે ઘોડા પરથી નીચે ઉતરવાની જરૂર ન રહેત અને એને ઉઠાવીને હું તમને આપું એમાં મને ક્યાં મોટું જોર પડવાનું હતું ?''

ઘોડેસવારે કહે, ''ફરી આભાર, મારા હાથ પગ સાબૂત છે ત્યાં સુધી મારે બીજા કોઈનો ઉપકાર માથે લેવાની જરૂર નથી એમ માનું છું''

નવાઈ પામીને રાહદારી કહે, ''અરે, એમાં ઉપકાર શેનો ? એક માણસ બીજા માણસને મદદ કરે એ તો એની ફરજ છે !''

ઘોડેસવાર કહે, ''માણસની ફરજ તમે આ ગણી એ બદલ ધન્યવાદ, પણ હું ય માણસ છું, તો મારી પણ કોઈ ફરજ ખરી કે નહીં''

રાહદારી તો આ વાત સાંભળીને ગૂંચવાઈ ગયો, એટલે એણે પૂછ્યું, ''મહેરબાન, તમારી આ વાત મને સમજાઈ નહીં''

ઘોડેસવારે કહ્યું, ''જુઓ, મારી ફરજ એ છે કે ઈશ્વરે મને આપેલી શક્તિનો હું ઉચિત ઉપયોગ કરું. માણસને નાની સરખી બાબતમાંય જો બીજાના ઉપકાર અને મદદ લેવાની ટેવ પડી જાય તો પછી હંમેશા અપેક્ષા રહે છે, બીજાની સહાય પર જ નિર્ભર રહેવાની માનસિકતા ધરાવતો માણસ છેવટે નકામો બની જાય છે''

માટે હંમેશા કાર્યશીલ રહો. બીજાની મદદ કરો પણ બીજાની મદદ સામે અપેક્ષા ન રાખો. ભગવાને આપણને માનવ બનાવ્યા છે માટે હવે આપણે ભગવાનના ઉપકારો માની તેમની સેવા, ભજન, ધર્મપાલન વગેરે અવશ્ય કરો અને બીજાને સહાયભૂત થાઓ.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## શ્રી નરનારાયણદેવ જયંતી પુષ્પદોલોત્સવ

ફાગણ વદ ૧, શુક્રવાર, તા. ૯-૩-૨૦૧૨ ના દિવસે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો યોગ હોતાં શ્રી નરનારાયણદેવ જયંતી-પુષ્પદોલોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ઠાકોરજીને ફૂલો નિર્મિત રમણીય હીંડોળામાં ઝૂલાવવા સહિત મંગળા આરતીથી શયન આરતી સુધી વિશેષ કાર્યક્રમોના આયોજનથી ઉત્સવ વિશેષ મોજદાયક બની ગયો.

પ.પૂ.સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદન દાસજીની આજ્ઞા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિક વડીલ સંતોની પ્રેરણા અને આશીર્વાદ સાથે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ભુજ તથા શ્રી ઘનશ્યામ બાલ મંડળ આયોજિત ઉત્સવકાર્યમાં યુવકો તથા હરિભક્તો સહકાર આપી સહયોગી બન્યા.

બહેનોના મંદિરમાં ભુજ મંદિરનાં સાં.યો. મહંત પ.પૂ. શામબાઈ ફઈની આજ્ઞા અને માર્ગદર્શન હેઠળ સાં.યો. બહેનો, યુવતી મંડળ, મહિલા મંડળ તથા કર્મયોગી બહેનોએ કાર્યક્રમની જવાબદારી સફળતાપૂર્વક પાર પાડી.

સવારની મંગળા આરતી પછી પ.પૂ. મહંત સ્વામીએ પ્રભાતફેરીનો પ્રારંભ કરાવ્યો. ગરુડધ્વજ ફરકાવતી, વિચિત્ર પુષ્પમાળાઓથી સુશોભિત સુવર્ણ પાલખીમાં બિરાજી દર્શન આપતા ઠાકોરજી સાથે સંતો, યુવકો, ગામ ગામના હરિભક્તોનો વિશાળ સમુદાય ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધુન સાથે સંગતના સ્પંદનોએ અવકાશના વાયુમંડળને ભક્તિપ્રવાહથી પવિત્ર બનાવ્યું. નગરમાં ફરતી પ્રભાતફેરીને ગલીએ ગલીએ દર્શનાતુર નગરજનોએ સન્માની ઠાકોરજીને વધાવી ધન્યતા અનુભવી. નગરમાં ફરીને પ્રભાતફેરી મંદિરે પહોંચી આવી ત્યારે પૂજારી સંતોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તવર્ગને શણગાર આરતીનાં દર્શનનો લાભ આપ્યો.

શણગાર આરતી પછી ફૂલદોલમાં ઝૂલતા ઠાકોરજીનાં દર્શનનું આયોજન રજુ થયું. રંગબેરંગી ફૂલો અને ફૂલમાળાઓથી દર્શકોના ચિત્તને હરી લેતા અદ્‌ભુત હીંડોળામાં ઠાકોરજી બિરાજમાન હતા. મહંતસ્વામી તથા વડીલ સંતોએ હીંડોળા ઉત્સવની આરતી ઉતારી.

બપોર પછી સંપ્રદાય સંબંધી હરિભક્તોના જ્ઞાનની કસોટી કરતી વક્તૃત્વ સ્પર્ધાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં (૧) ૬ થી ૧૦ વર્ષના વક્તાઓ માટે ''મને ગમતી ઘનશ્યામ મહારાજની બાળ લીલા'' (૨) ૧૧ થી ૧૬ વર્ષના વક્તાઓ માટે ''મારા નરનારાયણદેવ'' અને (૩) ૧૬ વર્ષની ઉપરના વક્તાઓ માટે ''સેવા અને સમર્પણ'' વિષયો રાખવામાં આવ્યા હતા.

મંદિરના પરિસરમાં સાંજના સમયે ભાઈઓ માટે રાખવામાં આવેલી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સ્વામી સંતસ્વરૂપદાસજી તથા મંદિરના પૂર્વ ટ્રસ્ટી પ.હ.ભ. મહેશભાઈ ઠક્કરે સેવા આપી હતી. નીચે મુજબ વિજેતા હરીફો જાહેર કરવામાં આવ્યા હતા.

વિભાગ-૧ : પ્રથમ : ઋષિ ગોર, દ્વિતીય : સ્નેહ ઠક્કર, તૃતીય : ધ્રુવ ઠક્કર.

વિભાગ-૨ : પ્રથમ : આદિત્ય ગોર, દ્વિતીય : શ્યામ

શેઠીયા, તૃતીય : દેવરાજ ગોર.

વિભાગ-૩ : પ્રથમ : સંજયભાઈ અનમ, દ્વિતીય : આદિત્ય ઠક્કર, તૃતીય : રમેશભાઈ વાઘાણી.

કાર્યક્રમનું સંચાલન ઘનશ્યામભાઈ ગોરે કર્યું હતું. કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ કાર્યક્રમને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હતું.

પ.પૂ. મહંત સ્વામી પુ. ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગત, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી આદિક વડીલ સંતો ઉપસ્થિત રહ્યા હતા, અને બાળકોએ રજુ કરેલા વક્તવ્યથી રાજી થયા હતા. પૂ. મહંતસ્વામીએ સફળ અને સુંદર આયોજન માટે બન્ને મંડળોને ધન્યવાદ આપી સૌને આશીર્વાદ આપ્યા હતા. સંગીતકાર સ્વામી નિર્ભયચરણદાસજીએ ફૂલદોલના કીર્તનો ગાઈ સૌને સંગીતના રસાનંદમાં લીન કર્યા હતા.

બહેનોના મંદિરમાં સંધ્યા આરતી પછી બહેનો માટે રાખવામાં આવેલ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીલેખા માતૃછાયા કન્યા વિદ્યાલયનાં આચાર્યા શ્રીમતી પંકજબેન રામાણી તથા સરકારી શાળાનાં આચાર્યા ગોદાવરીબેન ઠક્કરે સેવા આપી હતી. વિજેતા બહેનો નીચે મુજબ જાહેર કરવામાં આવ્યા હતા.

વિભાગ-૧ : પ્રથમ : વૃન્દાબેન ગોર, દ્વિતીય અને તૃતીય કોઈ નહીં.

વિભાગ-૨ : પ્રથમ : સ્વાતિ ગોર, દ્વિતીય : પ્રિયા સોની, તૃતીય : શિવાની ગોર.

વિભાગ-૩ : પ્રથમ : ચેતનાબેન ઠક્કર, દ્વિતીય : મીરાંબેન શેઠીયા, તૃતીય : મીરાંબેન ગોર.

કાર્યક્રમમાં સાં.યો. મહંત સામબાઈ ફોઈ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમની ઉપસ્થિતિએ સ્પર્ધામાં ભાગ લેનાર બહેનો પ્રોત્સાહિત બની હતી. કાર્યક્રમનું સંચાલન મીરજાપર પ્રા. શાળાના આચાર્યા પ્રફુલ્લાબેન મહેતાએ કર્યું હતું. સમગ્ર આયોજન સાં.યો. મીનાબેન અને કર્મયોગી દિવ્યાબેન ગોરે સંભાળ્યું હતું.

સ્પર્ધામાં વિજેતા ભાઈઓ તથા બહેનોને ઈનામો આપવામાં આવ્યાં હતાં.

## :: પંચાહ્ન પારાયણ ::

તા. ૧૫-૩-૨૦૧૨, ગુરુવાર, ફાગણ વદ ૮, ગુરુવારથી તા. ૧૯-૩-૨૦૧૨, ફાગણ વદ ૧૨ દરમ્યાન પાંચ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું.

યજમાન શ્રી ગામ નરનારાયણનગર, ભુજ નિવાસી અ.વા. સામબાઈ વેલજી ભુવાની સ્મૃતિમાં હ. પ્રેમજીભાઈ ખીમજી ભુવા રહ્યા હતા.

શા. સ્વામી ધર્મવિહારીદાસજીએ વ્યાસ-ગાદીએ બિરાજી શ્રોતા હરિભક્તોને સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદમુનિએ રચેલ 'સારસિધ્ધિ' શાસ્ત્રનું રસપાન કરાવ્યું. કથાવસ્તુને શ્રોતાઓના અંતરમાં ઉતારવાની શૈલીના અનુભવી સ્વામીજીએ અનુરૂપ દૃષ્ટાંતો સાથે વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીની ભાવનાને સમજાવી સૌને રાજી કર્યા હતા.

કથા સમાપ્તિ પ્રસંગે પ.પૂ. મહંતસ્વામીએ ઉદ્‌બોધન સાથે યજમાનશ્રીને આશીર્વાદ આપ્યા. મંદિરના શાસ્ત્રી મહારાજ દ્વારા યજમાનશ્રીએ કથા સમાપ્તિનું પૂજન, પોથીપૂજન અને વ્યાસપૂજન કરી આરતી ઉતારી. ધુન અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

## :: આમલકી એકાદશી - કુંજશોભા ::

ફાગણ સુદ ૧૧, રવિવાર, તા. ૪-૩-૨૦૧૨ની એકાદશી, આમલકી એકાદશી નામે મહાત્મ્ય ધરાવે છે. શ્રી હરિએ સ્વમુખે આ એકાદશીને ધાત્રી એકાદશી પણ કહેલી છે. (આમલક એટલે આમળું અને ધાત્રીફલ એટલે પણ આમળું) તેની પૂજનવિધિની રીત બતાવતાં કહ્યું છે, ફાગણ સુદ ૧૧ નામે ધાત્રી એકાદશી, ભગવાન ગોવિંદ, ગુલાબનાં ફૂલ, અખરોટના ફળ, કંસારનું ભોજન અને તિલપાત્રનું દાન.

આમલકી એકાદશીના દિવસે મંદિરમાં કુંજ ભરી હરિયાળી વનસ્પતિથી વૃન્દાવન-કુંજગલીની શોભા રચવામાં આવી. અતિશય રમણીય દૃશ્યનાં દર્શને સર્વને હર્ષ રોમાંચની અનુભૂતિ કરાવી.

- અહેવાલ : ઓ. વ્યાસ

## અંજાર : નૂતન મંદિર ખાત મુહૂર્ત મહોત્સવ

સત્સંગનો વ્યાપ વધતાં હરિભક્તોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થતાં નૂતન મંદિરોનાં નિર્માણ અનિવાર્યા બન્યાં છે. શ્રીજી મહારાજે પણ વચનામૃત દ્વારા મંદિરોનાં નિર્માણનો બોધ આપેલો છે. શ્રીજી મહારાજની આજ્ઞા પાલન માટે ભુજ મંદિર અને સંપ્રદાયના સંતો સદૈવ તત્પર રહ્યા છે. ઐતિહાસિક નગર અંજાર મધ્યે પણ શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરનો ખાતમુહૂર્ત મહોત્સવ ફાગણ સુદ ૩, તા. ૨૪-૨-૨૦૧૨ થી ફાગણ વદ ૬, તા. ૨૮-૨-૨૦૧૨ સુધી ભવ્યાતિભવ્ય રીતે ધામધૂમથી ઉજવવામાં આવ્યો. જે નિમિત્તે શ્રીમદ્ નિષ્કુળાનંદ કાવ્ય પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું પણ આયોજન કરવામાં આવેલ.

તા. ૨૩-૨-૨૦૧૨ની સાંજે યજમાન પરિવારની બહેનોએ મસ્તક પર શાસ્ત્રની પોથીઓ ધારણ કરી અને વર્તમાન મંદિરમાંથી શ્રી ઘનશ્યામ મહારાજના ચરણ સાંનિધ્યથી પોથીયાત્રાનો મંગલ પ્રારંભ થયો. આ ભવ્ય પોથીયાત્રામાં ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદન દાસજી, અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, કોઠારી પાર્ષદ પ.પૂ. જાદવજી ભગત, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી આદિ વડીલ અને યુવા સંતો સાથે પ્રસન્નચિત્તે હરિભક્ત ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધુન અને શ્રી ઘનશ્યામ મહારાજના જયઘોષ સાથે પોથીયાત્રા સભામંડપના સ્થળે પહોંચી હતી. કથા મંડપમાં પધારતાં પહેલાં પ.પૂ. મહંત સ્વામીના વરદ હસ્તે પૂજન કરીને વિજયધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. પોથીયાત્રા સભામંડપમાં પહોંચતાં હરિભક્તો મંડપમાં સભાના રૂપમાં ગોઠવાયા. પ.પૂ. મહંતસ્વામી તથા પ.પૂ. જાદવજી ભગતે મહોત્સવ નિર્વિઘ્ને ધામધૂમથી ઉજવાશે એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

રાજસ્થાનના પ્રસિધ્ધ ગુલાબી પથ્થર બંસીપહાડપુરથી નિર્માણ પામનાર નૂતન મંદિરના શિલાન્યાસ નિમિત્તે યોજાયેલ પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞના વ્યાસાસને બિરાજીને વિદ્વાન વક્તાશ્રીઓ પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજી, પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, પુરાણી સ્વામી ગોલોકવિહારી દાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી પરમહંસદાસજીએ સુંદર, સચોટ, સરળ અને ભાવવાહી શૈલીમાં કથામૃતનું પાન કરાવી શ્રોતાગણને પરિતૃપ્ત કર્યા હતા.

તા. ૨૪-૨-૨૦૧૨ના કથાનો મંગલપ્રારંભ થયો અને અંજાર શહેર ભક્તિના રંગે રંગાઈ ગયું. તા. ૨૫-૨-૨૦૧૨ ના હર્ષનો ઘોડાપુર ઉમટ્યો, સાંજે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની શોભાયાત્રા નીકળી. એક વાહનમાં ઠાકોરજીની પાલખી બેસાડવામાં આવી. પૂજ્યપાદ મહારાજશ્રી યુધ્ધટેન્કના રૂપમાં શણગારવામાં આવેલ વાહનમાં બિરાજમાન થયા. તેમની સાથે સદૈવ વંદનીય પ.પૂ. મહંત સ્વામી, વડીલ સંતો તથા દાતાશ્રીઓ ગોઠવાયા. સમગ્ર કચ્છ વિસ્તારમાંથી પધારેલ હજારો હરિભક્ત ભાઈ-બહેનો, અબાલવૃધ્ધ સર્વે હરિભક્તો શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જયઘોષ કરતા શોભાયાત્રામાં જોડાઈને ધન્યતા અનુભવવા લાગ્યા. સંગીતની સૂરાવલિ રેલાવતી બેન્ડપાર્ટી તથા ચોવીસીની મંડળીઓએ કીર્તનની રમઝટ બોલાવી

દીધી. સૌ હર્ષથી ઝૂમી ઉઠ્યા, નાચી ઉઠ્યા અને સભામંડપ તરફ પોથીયાત્રાએ પ્રયાણ કર્યું. અંજારના મુખ્ય માર્ગો શ્રી ઘનશ્યામ મહારાજમય બન્યાં. ઠાકોરજી, આચાર્ય મહારાજશ્રી, મહંતસ્વામી અને મોટી સંખ્યામાં સંતોના દર્શનનો લાભ મળતાં નગરજનો ધન્ય ધન્ય બની ગયા. વાતાવરણમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધુન ગુંજી રહી અને વાજતે ગાજતે શોભાયાત્રા સભામંડપમાં પધારી.

જોડાયા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ્રાતઃસ્મરણીય પ.પૂ.સ.ગુ. મહંતસ્વામી, વડીલ સંતોના સાંનિધ્યમાં યજમાનોના વરદ્ હસ્તે ખાતમુહૂર્તવિધિ સંપન્ન થતાં વાતાવરણ શ્રી ઘનશ્યામ મહારાજના બુલંદ જયઘોષથી ભક્તિમય બન્યું. શ્રીજી મહારાજને સમર્પિત યજમાનો અને હરિભક્તો જીવનની અદ્વિતીય અનમોલ ક્ષણોથી કૃતકૃત્ય થઈ ગયા. જાણે જીવન સફળ થઈ ગયું !

## શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખન - શાંતિ પાઠ એવં નારાયણ ગીતા

અંજાર મધ્યે નૂતન મંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, ભુજ મંદિરના સદૈવ વંદનીય પ.પૂ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી અને વરિષ્ઠ સંતોના સાંનિધ્યમાં મહામંત્ર લેખનની બુક તેમજ શાંતિ પાઠ એવં નારાયણગીતાનું પ્રકાશન કરવામાં આવેલ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન સાથે સતત જોડાયેલા રહી તેમનું અવિરત સ્મરણ કરવા માટે હજારો હરિભક્ત ભાઈઓ તેમજ બહેનોએ મહામંત્ર લેખન ભક્તિભાવપૂર્વક શરૂ કરી દીધેલ છે. આ મંત્રલેખન નૂતન મંદિર સંપૂર્ણપણે તૈયાર થઈ જશે ત્યાં સુધી ચાલુ રહેશે. આ અવસરે શાંતિપાઠ અને નારાયણગીતાનું નિયમિત રીતે દરરોજ પઠન કરવા અને શ્રીહરિ પ્રત્યેનો ભક્તિભાવ દૃઢ કરવા સાથે આત્મકલ્યાણ કરવાનો સંકલ્પ હરિભક્તો દ્વારા કરવામાં આવી રહ્યો છે.

પ્રાતઃસ્મરણીય પ.પૂ.સ.ગુ. મહંતસ્વામીએ સંપ્રદાયના હરિભક્તોને પ્રસન્ન ચિત્તે રૂડા આશીર્વાદ આપતાં મંત્રલેખન કરવાનો તેમજ શાંતિપાઠ એવં નારાયણગીતાનો પાઠ કરવાનો અનુરોધ કરેલ છે. સંપ્રદાયના હરિભક્તો આ અનુરોધને આજ્ઞા તરીકે સ્વીકારીને મંત્રલેખન તથા પાઠ શરુ કરશો.

મંત્રલેખનની નોટબુક તથા શાંતિપાઠ એવં નારાયણગીતા શ્રી સ્વામિનારાયણ મંદિર અંજાર તથા શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય ભુજમાંથી મેળવી શકાશે. મોટી સંખ્યામાં લાભ લઈ શ્રી ઘનશ્યામ મહારાજનો રાજીપો મેળવશો.

જેની ચાતક નજરે રાહ જોવાતી હતી તે ઐતિહાસિક ઘડી આવી પહોંચી. ફાગણ સુદ ૫, તા. ૨૭-૨-૨૦૧૨ નો પવિત્ર દિવસ સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકીત થઈ ગયો. ભૂદેવોના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચારની સાથે સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીએ શિલાપૂજનનો મંગલ પ્રારંભ કર્યો. દરેક યજમાનશ્રી પૂજનવિધિમાં શ્રધ્ધાભેર

શિલાન્યાસ બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ હસ્તે દાતાશ્રીઓને પહેરામણી અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું. આચાર્ય મહારાજશ્રીએ અંજારના દાતાશ્રીઓની સર્વસ્વ સમર્પણ ભાવનાને બિરદાવતાં પ્રસન્નતાપૂર્વક જણાવ્યું કે ભગવાનને વિષે સાચી નિષ્ઠા હોય તો જ આવી સેવા થઈ શકે. પ.પૂ. મહંત સ્વામી, સ.ગુ. સ્વામી

પ્રેમપ્રકાશદાસજી તથા પાર્ષદવર્ય પૂ. જાદવજી ભગતે યજમાનોને ખૂબ જ રૂડા આશીર્વાદ પાઠવ્યા અને હરિભક્તોએ કરેલી વિશિષ્ઠ સેવાને બિરદાવતાં રાજીપો વ્યક્ત કર્યો. તેમજ અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી આદિ સંતોએ પ્રાસંગિક પ્રવચનો કરીને દાતાઓ તથા સેવાભાવી હરિભક્તોને તથા સૌ સભાસદોને આશીર્વાદ પાઠવ્યા હતા. સભાનું સંચાલન પોતાની આગવી લાક્ષણિક શૈલીમાં ખૂબ જ સુચારુ રીતે શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ સંભળાવ્યું હતું. અંતમાં પુરાણી સ્વામી ધર્મચરણ દાસજીએ દરેક સમિતિના સભ્યોની નિષ્કામ સેવાને બિરદાવતાં આ ભવ્યાતિભવ્ય મહોત્સવમાં જેણે જેણે સેવા આપી તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ-સહકાર અને સહયોગ આપેલ તે સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી આભારવિધિ કરી હતી.

શ્રીજીમહારાજની સેવા જેમણે જીવનમંત્ર બનાવી લીધો છે એવા સંપૂર્ણ સમર્પિત દરિયાદિલ દાતાઓ અને યજમાનોએ આપણા સંપ્રદાયનું ગૌરવ વધાર્યું છે. યજમાનશ્રીઓ : (૧) શ્રી ઘનશ્યામ મહારાજના શિલાન્યાસના યજમાન : પ.ભ. શ્રી નરેન્દ્રભાઈ ચત્રભુજ સોમૈયા સહપરિવાર-અંજાર (૨)શ્રી રાધાકૃષ્ણદેવ મંદિરના શિલાન્યાસના યજમાન : પ.ભ. શ્રી હિતેનભાઈ છગનલાલ નારણજી સોની સહપરિવાર-અંજાર (૩) શ્રી સુખશૈયા મંદિર શિલાન્યાસના યજમાન : અંજાર મંદિરના મહંત સાં.યો. ત્રિવેણીબેન મંગલજી ગુરુ સાં.યો. શાન્તાબેન-અંજાર (૪) શ્રી હનુમાનજી મંદિરના શિલાન્યાસના યજમાન : પ.ભ. શ્રી કેશરાભાઈ દેવશી સાંખલા સહપરિવાર-અંજાર (૫) શ્રી ગણપતિજી મંદિરના શિલાન્યાસના યજમાન : પ.ભ. શ્રી વેલજીભાઈ નારણજી સોની (૬) શ્રી ગણપતિજીની મૂર્તિના યજમાન : પ.ભ.શ્રી રતનશીભાઈ કરમશી પોકાર સહપરિવાર-અંજાર (૭) શ્રી હનુમાનજીની મૂર્તિ સહિત મંદિરના યજમાન : પ.ભ. શ્રી નારણભાઈ રામજી સાંખલા સહપરિવાર-અંજાર (૮) શ્રી મહાદેવજીની મૂર્તિ સહિત મંદિરના યજમાન : પ.ભ.શ્રી વાલજીભાઈ કાનજી હીરાણી સહપરિવાર-નાની નાગલપર (અંજાર) (૯) શ્રી ઘનશ્યામ મહારાજના શિખરના યજમાન : પ.ભ.શ્રી શામજીભાઈ ધનજી હીરાણી સહપરિવાર-નાની નાગલપર (અંજાર) (૧૦) સભામંડપના શિલાન્યાસના યજમાન : પ.ભ.શ્રી વેલજીભાઈ રત્ના સોરઠીયા સહપરિવાર-અંજાર (૧૧) સંતનિવાસના શિલાન્યાસના યજમાન : શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ-અંજાર (૧૨) શ્રી ઘનશ્યામ મહારાજ કોઠારના યજમાન : પ.ભ.શ્રી મણીલાલભાઈ નારણ ઠાકરાણી સહપરિવાર-અંજાર (૧૩) સંતનિવાસના યજમાન : પ.ભ.શ્રી પ્રેમજીભાઈ કાનજી હીરાણી સહપરિવાર-અંજાર (૧૪) શ્રી સુખશય્યામાં ઢોલીયાની મૂર્તિના યજમાન : પ.ભ. શ્રી કિશોરભાઈ ખટાઉ ઠક્કર-અંજાર તથા (૧૫) બહેનોના મંદિરના સંપૂર્ણ યજમાન : પ.ભ.અ.નિ. કાનજીભાઈ ભીમજી રાઘવાણી હ. સુપુત્રો સહપરિવાર-બળદિયા હાલે નૈરોબી તથા કથાના મુખ્ય યજમાન પ.ભ. શ્રી લાલજીભાઈ કલ્યાણ શીયાણી સહપરિવાર-માનકુવા હાલે મોમ્બાસા.

આ પ્રસંગે પાંચે દિવસ કથા શ્રવણ કરવા આવતા હરિભક્તો માટે ભોજનપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. દરરોજ રાત્રે ભક્તિમય વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં મહિલા મંચ, બાલિકા મંચ, સત્સંગસભર લોકસાહિત્ય, હાસ્ય દરબાર, સહજાનંદ ગુરુકુળ-માનકુવાના વિદ્યાર્થીઓ દ્વારા ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમ ઓરકેસ્ટ્રા સાથે ભવ્ય રાસોત્સવ રજૂ કરવામાં આવ્યા હતા.

અંજારના હરિભક્તો માટે ચિરસ્મરણીય બની રહેનાર આ સમગ્ર ઉત્સવનું સંચાલન

કુશળતાપૂર્વક અંજાર મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું. સાથે સહયોગી સંતો શાસ્ત્રી સ્વામી લક્ષ્મણજીવનદાસજી, પુરાણી સ્વામી અક્ષરવલ્લભદાસજી, પુજારી સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, ભંડારી સ્વામી ઘનશ્યામપ્રકાશ દાસજી, સ્વામી હરિકૃષ્ણદાસજી, સ્વામી નિલકંઠમુનિદાસજી, સ્વામી કૃષ્ણવિહારી દાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી પરમેશ્વરસ્વરૂપ દાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી આદિ સંતોએ દિવસરાત જોયા વગર ખૂબ જ સારો સાથ સહકાર આપ્યો હતો. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યોએ સેવા અને વ્યવસ્થામાં કોઈ કચાસ રહેવા દીધી નહોતી અને પોતાને સોંપાયેલી કામગીરી ખડે પગે ખંતપૂર્વક કરતા હતા. સાં.યો. બહેનોએ પણ સંપૂર્ણ ભક્તિભાવ સાથે તેમને બજાવવાની સેવામાં કોઈ ખામી રહેવા દીધી નહોતી. અંજાર મંદિરની કાર્યવાહક સમિતિના તમામ સભ્યો, વાડી વિસ્તાર, બેન્સા વિસ્તાર તેમજ અંજાર શહેર વિસ્તારના યુવક મંડળના યુવાનો તથા યુવતીઓએ પણ ખંતપૂર્વક સેવા બજાવી હતી. મહોત્સવની સફળતાનો શ્રેય તેઓના ફાળે જાય છે.

નૂતન મંદિરની બાંધકામ સમિતિ આ મુજબ છે. સંતો :- (૧) પ.પૂ. પાર્ષદ જાદવજી ભગત (૨) પુરાણી સ્વામી માધવપ્રસાદદાસજી (૩) પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી (૪) પુરાણી સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી (૫) સ્વામી શાંતિસ્વરૂપ દાસજી (૬) પુરાણી સ્વામી ધર્મચરણદાસજી (૭) સ્વામી દિવ્યસ્વરૂપદાસજી (૮) સ્વામી દેવપ્રકાશ દાસજી (૯) શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી (૧૦) સ્વામી ધર્મસ્વરૂપદાસજી. હરિભક્તો :- (૧) કોઠારી રવજી માવજી ભુડિયા-માધાપર (૨) ટ્રસ્ટી મુરજીભાઈ કરસન શીયાણી-ભુજ (૩) ટ્રસ્ટી કુરજીભાઈ ભીમજી ખેતાણી-મદનપુર (૪) પ્રેમજીભાઈ કાનજી હીરાણી-અંજાર (૫) છોટુભાઈ દૈયા-અંજાર (૬) કાનજીભાઈ માવજી નાકરાણી-અંજાર (૭) લીલાધરભાઈ સોરઠીયા-અંજાર (૮) પ્રવીણભાઈ ખરસાણી-ભુજ (૯) નારણભાઈ રામજી સાંખલા-અંજાર (૧૦) કલ્યાણભાઈ કાનજી હીરાણી-અંજાર (૧૧) રાજેશભાઈ રવજી હીરાણી-અંજાર (૧૨) હરીશભાઈ વેલજી કેરાઈ-અંજાર.

## માંડવી : વસંતપંચમી-શિક્ષાપત્રી જયંતી

માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી તા. ૨૮-૧-૨૦૧૨, શનિવારના રોજ વસંતપંચમી-શિક્ષાપત્રી જયંતી ધામધૂમથી ઉજવવામાં આવી. જેમાં સવારે મંગળા આરતી બાદ ૧૦૮ નામથી શિક્ષાપત્રી પૂજન સ.ગુ.પૂ. સ્વામી કેશવજીવન દાસજી તથા પૂ. સ્વામી શૌનકમુનિદાસજી દ્વારા કરવામાં આવ્યું હતું. જેના યજમાનપદે ગામ માંડવી હાલે વુલ્વીચ (લંડન) ના પ.ભ. વેલજીભાઈ વીરજી પિંડોરીયા, ધ.પ. શામબાઈ, અ.નિ. સુપુત્ર પ્રફુલ્લ વેલજી પિંડોરીયા, પ્રકાશ વેલજી પિંડોરીયા, ધ.પ. હીનાબેન, પૌત્રી ડ્રીયાબેન સહપરિવાર રહ્યા હતા.

સવારે શણગાર આરતી બાદ શિક્ષાપત્રી શાસ્ત્રસ્વરૂપ શ્રીહરિની ભવ્ય શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગો પરથી નીકળી હતી. જેમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની બહેનો ૨૧૨ માથે આંબો લઈ જોડાઈ હતી. આ શાસ્ત્રમાં ૨૧૨ શ્લોકો હોતાં તેને ઉપલક્ષમાં લઈ આ શોભાયાત્રામાં પણ ૨૧૨ શ્લોક લેખિત બાઈક સવાર યુવાનો, ૨૧૨ ધર્મની ધજા પતાકા ફરકાવતા બાળકો, ૨૧૨ સામૈયા, યુવતીમંડળ દ્વારા, ૨૧૨ મંડળીના જણ, આ અલૌકિક શોભાયાત્રામાં જોડાયા હતા. આ શોભાયાત્રાનો પ્રારંભ સ.ગુ. સ્વામી સનાતનદાસજી તથા સ.ગુ. સ્વામી નિષ્કામચરણદાસજી દ્વારા કરવામાં આવ્યો હતો. આ શોભાયાત્રા બંદર રોડથી લાકડા બજાર, ઘાસચારા માર્કેટ, આઝાદ ચોકથી માંડવી મંદિર

આવી હતી. આ શોભાયાત્રામાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો એક જ યુનિફોર્મમાં બાઈક સવાર થઈ શોભાયાત્રાને અલગ જ સ્વરૂપ આપ્યું હતું.

આ ઉત્સવનું સંચાલન કોઠારી પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા કોઠારી પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજીએ કર્યું હતું. આવો વસંતપંચમી ઉત્સવ માંડવીમાં પ્રથમવાર ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

- કો. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી

## માંડવી : કથા પારાયણ

તા. ૧૦-૧-૨૦૧૨ થી તા. ૧૪-૧-૨૦૧૨ દરમ્યાન માંડવી મંદિર મધ્યે શ્રીમત્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ ગામ નાગલપરના અ.નિ. વેલજી હરજી છભાડીયાના આ.મો. હ. ગં.સ્વ. પ્રેમબાઈ વેલજી સુપુત્ર શીવજી, દેવજી, ખીમજીભાઈ સહપરિવાર દ્વારા યોજવામાં આવી હતી. જેમાં કથા રસપાન પુરાણી સ્વામી બ્રહ્મમુનિદાસજી તથા શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ કરાવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં હરિભક્તોએ કથા રસપાન કર્યું હતું. સ.ગુ. સ્વામી સનાતનદાસજીએ આશીર્વાદ આપ્યા હતા.

તા. ૧૬-૧-૨૦૧૨ થી તા. ૨૦-૧-૨૦૧૨ સુધી માંડવી મધ્યે શ્રી ઘનશ્યામ બાળચરિત્ર પંચાહ્ન પારાયણ ગામ પિયાવાના અ.નિ. સુરેશ પ્રેમજી કેરાઈના આ.મો. હ. પ્રેમજી કરસન કેરાઈ, ધ.પ. રામબાઈ, સુપુત્ર મેઘજી પ્રેમજી કેરાઈ, ધ.પ. વીરબાઈ સહપરિવાર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે શા. સ્વામી શુકદેવસ્વરૂપ દાસજી તથા પૂ. સ્વામી બ્રહ્મમુનિદાસજીએ કથામૃતનો લાભ આપ્યો હતો.

તા. ૫-૨-૨૦૧૨ થી તા. ૯-૨-૨૦૧૨ સુધી માંડવી મધ્યે શ્રી પુરુષોત્તમલીલામૃત સુખસાગર કચ્છ લીલા પંચાહ્ન પારાયણનું આયોજનમાં ગામા ભારાપર હાલે લંડન અ.નિ. દિપક શીવજી રાબડીયાના આ.મો. હ. શીવજી લાલજી રાબડીયા સહપરિવાર હ. નવીન હીરાલાલ રાબડીયા, નવીન વેલજી રાબડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કથા રસપાન પૂ. સ્વામી કેશવજીવનદાસજી તથા પૂ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી દ્વારા કરાવવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં હરિભક્તોએ પારાયણનો લાભ લીધો હતો. આ પાવન પ્રસંગે માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીએ આશીર્વાદ આપ્યા હતા.

તા. ૧૩-૨-૨૦૧૨ થી તા. ૧૭-૨-૨૦૧૨ સુધી માંડવી મધ્યે ભુજ મંદિરના મહંત અ.નિ. સાં.યો. ધનબાઈ કારાની સ્મૃતિમાં શ્રી મુક્તાનંદ કાવ્ય પંચાહ્ન પારાયણ (સંગીતમય) આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે પૂ. સ્વામી પરબ્રહ્મજીવન દાસજી, પૂ. સ્વામી બ્રહ્મમુનિદાસજી, શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી રહ્યા હતા. આ પાવન પ્રસંગે પૂ. ગાદીવાળાએ પારાયણમાં પધારી સૌને દિવ્ય દર્શનનો લાભ આપ્યો હતો. બહેનોના મંદિરમાં આ પાવન પ્રસંગે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની શિબીર, સત્સંગ તથા બેડારાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે છેલ્લે દિવસે ભુજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીએ પધારી આશીર્વાદ આપ્યા હતા.

માંડવી પાંચે કાંધાને સઘરી નોતરા આપવામાં આવ્યા હતા. આ દિવ્ય પારાયણ માંડવીના સમસ્ત સાં.યો. બહેનો તથા કર્મયોગી બહેનોના યજમાનપદે આયોજન કરવામાં આવ્યું હતું. કથા સમાપ્તિના દિવસે માંડવી મંદિરના યજમાન પ.પૂ. કેશવપ્રસાદદાસજીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

- અહેવાલ : કોઠારી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી

# હીરાપર : મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

અંજાર તાલુકાના હીરાપર ગામે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ તાબાના શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર (બહેનોના) માં અતિ ઉત્સાહ અને ઉમંગભેર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પાવન પ્રસંગે તા. ૧૦-૩-૨૦૧૨, ફાગણ વદ ૩ થી તા. ૧૪-૩-૨૦૧૨, ફાગણ વદ ૭ સુધી શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન પણ કરવામાં આવેલ.

અત્યંત આકર્ષક અને સુંદર રીતે શણગારેલ હીરાપર ગામમાં તા. ૯-૩-૨૦૧૨ના જ્ઞાનયજ્ઞની પોથીયાત્રામાં આહીર કોમના પરંપરાગત પરિવેશમાં ખૂબ મોટી સંખ્યામાં હરિભક્ત ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. શ્રી નરનારાયણદેવના જયઘોષ સાથે પોથીઓને કથાસ્થળે ભાવપૂર્વક પધરાવવામાં આવી હતી.

સંતવૃંદના સાનિધ્યમાં કથાના પ્રારંભ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા રાજ્યમંત્રી માનનીય શ્રી વાસણભાઈ આહીરની ઉપસ્થિતિમાં મહોત્સવનો મંગલ પ્રારંભ કરાયો હતો. તેઓએ હીરાપર ગામના આ ધાર્મિક આયોજનને આહીર સમાજ માટે ગૌરવવંતુ મહાકાર્ય ગણાવ્યું હતું. હરિભક્ત ભાઈ-બહેનોનું સ્વાગત કરતાં ભુજ મંદિરના વરિષ્ઠ સંત પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી અને પુરાણી હરિબળદાસજીએ જ્યોત પ્રગટાવીને મંદિર નિર્માણ માટે અગ્રણી શ્રી શામજીભાઈ નારાણ છાંગા (ટ્રસ્ટી, ભુજ મંદિર) સહિતના કાર્યકરોને ખુલ્લા દિલે બિરદાવ્યા હતા.

પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞમાં વ્યાસાસને બિરાજમાન વિદ્વાન વક્તાશ્રીઓ પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, પુરાણી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી હરિમુકુંદદાસજીએ સુંદર, સચોટ છતાં સરળ શૈલીમાં કથામૃતનું પાન કરાવેલ. સંગીતની સુમધુર સૂરાવલિ સાથે સંગીતકાર સ્વામી શ્રીજીનંદન દાસજીએ સાથ આપી સૌને મંત્રમુગ્ધ કરેલ.

તા. ૧૨-૩-૨૦૧૨ નો દિવસ હીરાપર મધ્યે સોનાના સૂરજ સાથે ઉગ્યો હતો. પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની ઉપસ્થિતિથી આખું ગામ હર્ષવિભોર થયું હતું. ઠાકોરજીની શોભાયાત્રામાં જોડાઈને આચાર્ય મહારાજશ્રીએ હરિભક્તોને દર્શન આપ્યા હતા. હીરાપરની ગલીએ ગલી અને શણગારેલા રાજમાર્ગો શ્રી સ્વામિનારાયણ ભગવાનની ધુન અને કીર્તનોની રમઝટથી ગૂંજી ઉઠ્યા હતા. ઠાકોરજી, આચાર્ય મહારાજશ્રી અને બ્રહ્મનિષ્ઠ સંતોની સાથે અલૌકિક શોભાયાત્રામાં જોડાયેલા હરિભક્તો ધન્યતા અનુભવી રહ્યા હતા. આ પાવનકારી પવિત્ર દિવસે શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર (બહેનોના) માં ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ તથા શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠા વિધિ આચાર્ય મહારાજશ્રીના કરકમળ દ્વારા શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક ભુજ મંદિરના મહંત સ્વામી, સંતવૃંદ અને હરિભક્તોના સાનિધ્યમાં સંપન્ન થયો હતો.

આ અનેરા અવસરે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ તેમજ પ્રાતઃસ્મરણીય પ.પૂ. મહંતસ્વામીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. હરિભક્તોએ આ મહોત્સવ મન ભરીને માણ્યો હતો. મંત્રી શ્રી વાસણભાઈ, માજી જિલ્લા પંચાયત પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખ, અન્ય રાજકીય આગેવાનો, સામાજિક અગ્રગણ્ય કાર્યકરો, મહાનુભાવો અને ખાસ કરીને આહીર સમાજના અગ્રણીઓએ ઉપસ્થિત રહી પ્રસંગની શોભા વધારી હતી.

રાત્રી કાર્યક્રમોએ અનેરું આકર્ષણ જમાવ્યું હતું. દાંડીઆ રાસ, મહિલા મંચ, સંતવાણી, ડાયરો જેવા કાર્યક્રમોનો લ્હાવો લઈને સૌ આનંદિત થયા હતા.

મહોત્સવ દરમ્યાન સંતોના માર્ગદર્શન હેઠળ 'વ્યસનમુક્તિ' કાર્યક્રમ પણ યોજાયો હતો અને ઘણા હરિભક્તો, યુવાનો અને બહેનોએ વ્યસનો છોડવાનો

પાકો નિર્ધાર કરી શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ જીવન જીવવાનો સંકલ્પ કર્યો હતો.

હીરાપર ગામના હરિભક્તોની ભક્તિ અનન્ય છે. સૌ સદૈવ સંતોની આજ્ઞામાં રહી પ્રભુપરાયણ રહ્યા છે અને તન-મન-ધનથી સેવા કરતા રહ્યા છે. સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી સ્વામીના મંડળના સંતો સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી જેવા સંતોની પ્રેરણાથી હીરાપર ગામના હરિભક્તોએ આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવી સંપ્રદાયમાં ગામનું નામ ઉજળું કર્યું છે. સૌ હરિભક્તોના સહિયારા પ્રયત્નોથી આ પ્રસંગ નિર્વિધ્ને રંગ ચંગે ઉજવાયો.

મહોત્સવમાં અવિરત સેવા કરનારા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવકો, સંતો, સાં.યો. બહેનો તથા કાર્યકર હરિભક્ત ભાઈ-બહેનોના સહયોગ અને સહકારથી આ અવસર ચિરઃસ્મરણીય બની રહે તેવી સફળતા સાથે ઉજવાયો.

## રત્નેશ્વર : નૂતન મંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા

ભૂકંપ પછી ખંડેર થયેલા અંતરિયાળ થાનપરના રહેવાસીઓએ રાપર-સેલારી રોડ પર રત્નેશ્વરનગરની રચના કરી. રાજપુત પરિવારોના આ ગામમાં ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સુંદર મંદિરનું નિર્માણ થયું. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ તાબાના આ મંદિરે તા. ૧-૩-૨૦૧૨, ફાગણ સુદ ૮ થી તા. ૩-૩-૨૦૧૨, ફાગણ સુદ ૧૦ સુધી મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવપૂર્વક ધામધૂમથી નિષ્ઠાપૂર્વક ઉજવાયો. આ નૂતન મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રામ, શ્રી ગણપતિબાપા અને શ્રી હનુમાનજી દાદાની સુંદર પ્રતિમાઓની પ્રતિષ્ઠા શાસ્ત્રના વિધિવિધાનપૂર્વક કરવામાં આવી.

આ પ્રસંગ નિમિત્તે શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિવસીય પારાયણ જ્ઞાનયજ્ઞનું પણ આયોજન કરવામાં આવેલ. જેના વ્યાસાસને બિરાજમાન પુરાણી સ્વામી હરિમુકુંદદાસજી તથા પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજીએ અત્યંત સરળ અને મનનીય શૈલીમાં કથામૃતનું પાન કરાવી મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા. સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કર્યું હતું. આ મહોત્સવમાં ભુજથી પ્રાતઃસ્મરણીય પ.પૂ.સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી સાથે વડીલ સંતો અને સંતવૃંદ પધારેલ. આવા ધાર્મિક કાર્યક્રમો યોજવા બદલ સંતોએ હરિભક્તો તરફ પ્રસન્નતા વ્યક્ત કરી રૂડા આશીર્વાદ પાઠવેલ તથા યજમાનો, સેવાભાવી હરિભક્તો તથા આગેવાનો તેમજ કાર્યકરોને સન્માનિત કરી પહેરામણી અર્પણ કરવામાં આવેલ. ઉત્સવના યજમાન ગામ કેરાના સાં.યો. નાનબાઈ અને બાંધકામના મુખ્ય દાતા પ.ભ. અરજણભાઈ પ્રેમજી માંડવીવાળા રહ્યા હતા. આ પ્રસંગથી પ્રેરાઈને પ.ભ. શ્રી ચંદ્રકાન્તભાઈ તારાચંદ મોરબીયાએ મંદિરની બાજુમાં આવેલ આશરે ૮૦' x ૧૦૦' નો પ્લોટ બગીચાના નિર્માણ માટે મંદિરને અર્પણ કરેલ જેથી ઠાકોરજીના પૂજન માટે તાજા ફૂલો સદૈવ મળતા રહે.

આ મહોત્સવ દરમ્યાન વિષ્ણુયાગ યજ્ઞ તથા ભવ્ય પોથીયાત્રાનું આયોજન પણ કરાયું હતું. જેનો લાભ હરિભક્તોને મળ્યો હતો. તદુપરાંત સંતોના વચને પ્રેરાઈને અનેક યુવાનોએ વ્યસનો મુકયા હતા અને સાં.યો. બહેનોની પ્રેરણાથી મહિલાઓએ વ્યસનોનો ત્યાગ કર્યો હતો. આ અનેરો અવસર વ્યસનમુક્તિનું નિમિત્ત થતાં રાજપુત સમાજે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

રાત્રે વિદ્યાર્થી સંતો દ્વારા ભજન-કીર્તનનો ભક્તિ સંધ્યા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હર્ષોલ્લાસ સાથે હરિભક્તોએ આ મહોત્સવ માણ્યો હતો, મહાપ્રસાદ ગ્રહણ કરી સૌએ ધન્યતા અનુભવી હતી.

## માંડવી : માઘસ્નાન સમાપન મહોત્સવ

માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી તા. ૭-૨-૨૦૧૨, મંગળવારના રોજ માઘસ્નાન સમાપ્તિ (માઘી પૂનમ) ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સવારે ઠાકોરજીને વાજતે ગાજતે સમુદ્ર કિનારે મીઠી વીરડી મધ્યે લઈ જવામાં આવ્યા હતા. સવારે ૮:૦૦ વાગ્યે સમુદ્રના પવિત્ર જળ તથા પંચામૃતથી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સંતો સાથે સૌ હરિભક્તોએ સમુદ્રસ્નાન કર્યું હતું. ત્યારબાદ સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ. સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ વચનામૃતનો મહિમા સમજાવ્યો હતો. સ.ગુ. સ્વામી કેશવજીવન દાસજી તથા સ.ગુ.પૂ. સ્વામી સનાતન દાસજીએ સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ ઉત્સવના યજમાનપદે નાગલપર (માંડવી) ના મેઘજીભાઈ ધનજી હાલાઈ આદિ પરિવાર તથા મસ્કાના લાલજીભાઈ શામજી રાબડીયા, સુપુત્ર રામજીભાઈ લાલજી રાબડીયા પરિવાર રહ્યા હતા. પ્રસાદ વિતરણ કરી આ ઉત્સવની સમાપ્તિ કરવામાં આવી હતી.

## માંડવી : હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ

શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજના પરમ સાનિધ્યમાં તા. ૨૩-૨-૨૦૧૨ ફાગણ સુદ-૨નો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો. જેમાં સવારે દૂધ, દહીં, ઘી, મધ, સાકર પંચામૃતથી ઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વિવિધ પકવાનો ઠાકોરજી આગળ ધરવામાં આવ્યો હતો. આ અન્નકૂટના દિવ્ય દર્શનનો લાભ માંડવી પાંચે કાંધાના હરિભક્તોએ લીધો હતો.

આ ઉત્સવમાં યજમાન માંડવીના અ.નિ. મુરજી નારાણ વેકરીયા, ધ.પ. કેશરબેન રહ્યા હતા.

- અહવાલ : કો. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી

## શ્રી સ્વામિ. કન્યા વિદ્યા મંદિર ભુજ : ખેલકુંભમાં સોનેરી સિધ્ધિ

ગુજરાત રાજ્ય અંતર્ગત ગાંધીનગર મુકામે ખેલ મહાકુંભ યોજાયેલ હતો. જેમાં શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરની કુલ્લ ૧૫૦ વિદ્યાર્થિનીઓએ તાલુકા, જિલ્લા અને રાજયમાં વિવિધ પ્રકારની રમતોમાં ભાગ લઈ અને સિધ્ધિઓ પ્રાપ્ત કરી હતી. જિલ્લા કક્ષાએ કુલ્લ ૯૫, રાજયકક્ષાએ ગાંધીનગર મુકામે કુલ્લ ૨૭ વિદ્યાર્થિનીઓએ પ્રતિનિધિત્વ કરી સોનેરી સફળતા પ્રાપ્ત કરી હતી.

જ્યાં વિદ્યાર્થિનીઓને એક સુવર્ણચંદ્રક, ૧૨ રજતચંદ્રક અને ૨ કાંસ્ય ચંદ્રક અને રૂા. ૪૮,૦૦૦/- ના ચેક થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આજ વિદ્યાર્થિનીઓને રમત-ગમત ક્ષેત્રની સિધ્ધિઓને હોંશભેર બિરદાવવા માટે શાળામાં સર્વે ટ્રસ્ટીમંડળ, મહાનુભવો અને શિક્ષકગણની ઉપસ્થિતિમાં પ્રોત્સાહિત કરવા માટેનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં શાળાના ટ્રસ્ટીઓમાં પ્રમુખ શ્રી વિશ્રામભાઈ દબાસીયા, મંત્રી શ્રી પ્રવીણભાઈ પિંડોરીયા, મુરજીભાઈ શીયાણી, લક્ષ્મણભાઈ શીયાણી તેમજ શાળાના આચાર્ય શ્રીમતિ દક્ષાબેન પિંડોરીયા મહેમાનશ્રીઓમાં કુરજીભાઈ વેકરીયા હાલે લંડન, શીવજીભાઈ કેરાઈ હાલે ઓસ્ટ્રેલિયા, રામજીભાઈ દેવજી હાલે એલ્ડોરેટવાળા તથા માધવજીભાઈ પટેલ તેમજ સમસ્ત શિક્ષકગણની ઉપસ્થિતિમાં વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરવા માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના ટ્રસ્ટીમંડળના મંત્રી શ્રી પ્રવીણભાઈ પિંડોરીયાએ જીવનમાં રમત-ગમતનું સ્થાન અમૂલ્ય છે એમ કહીને વિદ્યાર્થિનીઓને રમત-ગમત ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો અને સોનેરી સફળતાના શિખરો સર કરતા રહો એવી શાળા



















(૧-૨) કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ૮ ગામના યુવાનોનું પ્રાંતીય યુવા સત્સંગ સંમેલન-ફકીરવાડી-સુખપર. (૩-૪) શ્રી નરનારાયણદેવ જયંતીના શુભદિવસે શ્રી ઘનશ્યામ બાલ મંડળના બાળકો માટે વકૃત્વ સ્પર્ધા-ભુજ. (૫-૬) શિક્ષાપત્રી જયંતીના શુભ પર્વે શિક્ષાપત્રી ફેરીની ભવ્ય શોભાયાત્રા-માંડવી. (૭-૮) શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ તથા યજમાનશ્રી - માંડવી. (૯) શ્રી નરનારાયણદેવ જયંતીના દિવસે પુષ્પદોલોત્સવની આરતી તથા યજમાનશ્રી-માંડવી.











(૧-૨) માઘ સ્નાન સમાપ્તિના દિવસે સમુદ્ર કિનારે અભિષેક તથા યજમાનશ્રી-માંડવી. (૩-૪) શ્રી નરનારાયણદેવ જયંતીના દિવસે પ્રસાદી મંદિરમાં ભવ્ય કુંજગલી તથા દેવો-ભુજ. (૫-૬) શ્રી પૂ. આ. સ. સ્વામિનારાયણ મંદિરમાં ૩ દિવસીય બાળકોની સત્સંગ શિબિર-નાઈરોબી. (૭) શ્રી નરનારાયણદેવ જયંતિના દિવસે ફુલહિંડોળમાં ઝુલતા શ્રી નરનારાયણદેવ - ભુજ. (૮) શ્રી સ્વામિનારાયણ મંદિર દાર-એ-સલામ બાળ શિબિર-દાર-એ-સલામ. (૯) શ્રી સ્વામિનારાયણ યુવક મંડળના યુવનો દ્વારા ભવ્ય શાકોત્સવ-એડેલાઈડ-ઓસ્ટ્રેલીયા.





















(૧-૫) ફુલડોલોત્સવ, રંગોત્સવ સાથે ભવ્ય શોભાયાત્રા તથા યજમાન પરિવાર-ભક્તિનગર-માનકુવા. (૬) શ્રી નરનારાયણદેવ જયંતીના દિવસે ફુલડોલોત્સ્વ - ઓલ્ડહામ-યુ.કે. (૭) સરલી ગંગાજી પૂનઃ નવનિર્માણ પ્રસંગે આવૃતી આપતા યજમાન, તથા સભામાં બિરાજમાન ભક્તો. (૮) શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનિઓ ગુજરાત રાજ્ય અંતર્ગત ખેલ કુંભમાં મેળવેલ સોનેરી સફળતા-ભુજ-મિરઝાપર. (૯) અ.નિ. સાં.યો. મહંત અમરબાઈ રામજી કેરાઈની અંતિમયાત્રામાં જોડાયેલ ભક્ત સમુદાય-રામપર જુનાવાસ.



શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું હિરાપરમાં ઉજવાયો ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ – હિરાપર



શ્રી સ્વામિનારાયણ મંદિર રત્નેશ્વર-રાપર વાગડમાં ઉજવાયો નૂતન મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

પરિવાર વતીથી શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ પધારેલ વિદેશી મહાનુભવોના વરદ્ હસ્તે વિજેતા પામેલ વિદ્યાર્થિનીઓને ચેક અર્પણ કરી અને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓની આ સિધ્ધિઓને બિરદાવવા શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના પૂ. મહંતસ્વામી, પૂ. વડીલ સંતો તથા ટ્રસ્ટીમંડળે પોતાના સંદેશામાં આશીર્વચન પાઠવ્યા હતા. તેમજ સમસ્ત શાળાના અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થિનીઓએ આ સિધ્ધિ શાળાના વ્યાયામ શિક્ષિકા શ્રી રશ્મિતાબેન વિરડા અને શાળાના કોચ શ્રી ગોકુલભાઈ આહિરના માર્ગદર્શન હેઠળ મેળવી હતી.

કુરજીભાઈ વેકરીયાએ ભુજ મંદિર દ્વારા કન્યા કેળવણી અને દીકરીઓના જીવનમાં શિક્ષણ, સંસ્કાર, સત્સંગ અને સાંસ્કૃતિક તેમજ રમત-ગમત ક્ષેત્રે પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

## ગોપાલ ગ્રામ વિકાસ ટ્રસ્ટ

જય ગોપાલ બક્ષીપંચ કુમાર છાત્રાલય ગામ પલાંસવા, તા. રાપર (વાગડ)-કચ્છ. ગામ પલાંસવાના મોતીભાઈ ભરવાડ તથા નારાણભાઈ ભરવાડ તથા ગામના દરેક જ્ઞાતિના નાના મોટા સર્વે ગ્રામજનોએ મળીને આ નવું છાત્રાલય ઊભું કર્યું છે.

ભુજ કચ્છ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી નરનારાયણદેવ સંસ્થાના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી, સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ.પુ. સ્વામી ધર્મપ્રસાદ દાસજી, સ.ગુ.પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણ દાસજી, સ.ગુ.પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ.પુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ.પુ. સ્વામી સ્વયંપ્રકાશ દાસજી આદિ સંતોની પ્રેરણા તથા કાર્યકર ટ્રસ્ટી મંડળની સહાયથી જે દાતાઓએ સેવા કરી છે તેના નામ પ.ભ. લાલજીભાઈ ખીરા ખુથીયા-નવાગામ ભચાઉ, પ.ભ. શ્રી નેણશીભાઈ લધા ગાલા, પ.ભ. શ્રી રમેશભાઈ હંસરાજ ખુથીયા-નવાગામ ભચાઉ, પ.ભ. શ્રી ગોપાલભાઈ માવજી ગોરસીયા હાથી સિમેન્ટવાળા-બળદિયા, પ.ભ. શ્રી ગોકળભાઈ હાથી કારોત્રા-રાપર, પ.ભ. શ્રી ડુંગરશીભાઈ ગોપાલ નીસર, સુત ઉમરશી પરિવાર-નવાગામ ભચાઉ, પ.ભ.શ્રી પોપટભાઈ પુંજાભાઈ નીસર-નવાગામ ભચાઉ, પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ પુંજાભાઈ નીસર-ભચાઉ, સાંસદ શ્રીમતિ પૂનમબેન વેલજી જાટ, પ.ભ. શ્રી દેવરાજભાઈ કરસન વરસાણી-નારાણપર, પ.ભ. શ્રી કરસનભાઈ ખીમજી કેરાઈ, પ.ભ. શ્રી માધવજીભાઈ શામજી ભુડિયા-નારાણપર આદિ ભક્તજનોએ આ માનવસેવાના કાર્યોમાં સારો લાભ લીધો છે.

આ છાત્રાલયનું ઉદ્ઘાટન આગામી ચૈત્ર વદ-૧, શનિવાર, તા. ૭-૪-૨૦૧૨ ના રોજ સાંજે ૪:૦૦ વાગ્યે ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતો તથા રાજકીય અગ્રણીઓ અને વાગડ પ્રાંતના ભક્તો સાથે મળીને કરશે.

## ધનબાદ : શ્રધ્ધાંજલિ સભા

નડિયાદ નિવાસી પૂ. બાબુભાઈ પંડ્યા (લક્ષ્મીપ્રસાદભાઈ ઈશ્વરલાલભાઈ પંડ્યા) તા. ૧૩-૦૨-૨૦૧૨ ના રોજ નડિયાદ મધ્યે અક્ષરવાસી થતાં તેમને શ્રધ્ધાંજલિ અર્પવા તા. ૧૯-૦૨-૨૦૧૨, રવિવારે શ્રી સ્વામિનારાયણ મંદિર, ધનબાદમાં એક શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સત્સંગીઓ તેમજ યુવામંડળના સભ્યો હાજર રહ્યા હતા. સત્સંગ વૃધ્ધિ, સાંપ્રદાયિક સંસ્કારો, ભક્તિની દૃઢતા, શ્રીજી મહારાજ પ્રત્યે સમર્પિતભાવ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પ્રતિ આદરભાવ સહ આજ્ઞાપાલન આદિ સહિત ભજન-કીર્તન તથા ધુનથી શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ હતી.

## માંડવી : ફૂલદોલ ઉત્સવ

તા. ૯-૩-૨૦૧૨, શુક્રવારે માંડવી મધ્યે શ્રી નરનારાયણ જયંતી ફૂલદોલ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સફેદ યુનિફોર્મ પહેરી નરનારાયણદેવનો પ્રાગટ્ય ઉત્સવ, મહાઆરતી કરવામાં આવી હતી અને સંતો હરિભક્તો હોળી ફૂલદોલ નિમિત્તે રાસોત્સવ રમ્યા હતા. ઠાકોરજીને વિવિધ ફૂલથી શણગારેલ હિંડોળામાં ઝૂલાવવામાં આવ્યા હતા. આ ફૂલડોલ મહોત્સવના યજમાન માંડવીના અ.નિ. કેશરબાઈ દેવજી હીરાણી, દેવજી નારાણ હીરાણી, હ. સુપુત્ર વીરજી દેવજી, ધ.પ. કેશરબેન, પૌત્ર કલ્યાણ કાન્તિ સહપરિવાર રહ્યા હતા. સંચાલન પૂ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ કર્યું હતું. પૂ. સ્વામી કેશવજીવન દાસજી, પૂ. સ્વામી નિષ્કામચરણ દાસજી તથા પૂ. સ્વામી સનાતન દાસજી આ ઉત્સવમાં સાથે રહ્યા હતા.

- અહેવાલ : કો. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી

## ૨૦૧ દિવસની ભારત-નેપાળ યાત્રા

ભુજ નગરવાસી શ્રી નરનારાયણદેવાદિ દેવોની અત્યંત પ્રસન્નતાથી તથા મહંત સ્વામી આદિ સર્વે સંતોના આશીર્વાદથી વાગડ પ્રદેશમાં ફરતા મંડળમાં આ વર્ષે મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશ દાસજીના મંડળના સંતોમાં સાધુ ઈશ્વરસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમચરણદાસજી, સ્વામી સંતજીવન દાસજી, સ્વામી ન્યાલકરણદાસજી, સ્વામી શ્યામકૃષ્ણ દાસજી તથા પરેશ ભગત અને ચાર હરિભક્તોનું મંડળ મહંતસ્વામી આદિ સંતોની આજ્ઞાથી ભારત તથા નેપાળની યાત્રામાં ગયેલ હતા. સત્સંગી ભક્તોને કથા-વાર્તાનું સુખ આપવા તથા ક્યાંય કચાસની ખામી ભાંગવા અને સાથે તીર્થોના દર્શન કરવા ભુજથી નીકળ્યા પછી બરાબર બસ્સો એકમે દિવસે પાછા શ્રી નરનારાયણદેવના ચરણકમળમાં સમાપ્તિ કરી હતી. જેમ ભરતખંડની યાત્રા કરીને મરિચ્યાદિ મુનિઓ બદ્રિકાશ્રમમાં સમાપ્તિ કરી હતી. તેમ આ યાત્રા શ્રીજી મહારાજે નિર્વિઘ્ને પૂર્ણ કરાવી. યાત્રા દરમ્યાન સંતોએ શક્તિ પ્રમાણે કથા-વાર્તા, ધ્યાન-ભજન કરાવીને હરિભક્તોને સુખિયા કર્યા. આવી યાત્રા મહારાજની કૃપા અને સંતોના આશીર્વાદ વિના અશક્ય છે. પણ આ સત્સંગમાં પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ બિરાજે છે અને ભક્તોના ઘેર એક, બે દિવસ કે ચાર-પાંચ દિવસ રહીને કોઈ જગ્યાએ પારાયણ, મહાપૂજા, શાકોત્સવ, સેલણ ઉત્સવ, નાની-મોટી સભાઓ તથા ઠાકોરજીના થાળ, રસોઈ ભક્તોની ઈચ્છા પ્રમાણે કરીને રાજી કર્યા હતા.

- અહેવાલ : સાધુ ઈશ્વરસ્વરૂપદાસજી

## કેરા : કથા પારાયણ

ગામ શ્રી કેરા મધ્યે તા. ૨-૩-૨૦૧૨ થી તા. ૬-૩-૨૦૧૨ દરમ્યાન સત્સંગિભૂષણની કથાનું આયોજન કરવામાં આવ્યું. કથાના યજમાનપદે અ.નિ. મુરજીભાઈ કરસન વરસાણી, ધ.પ. ગં.સ્વ. રાધાબાઈ મુરજી વરસાણી આદિ પરિવારજનો રહ્યા હતા. કથા પ્રસંગે પુ. સ્વામી પ્રભુવલ્લભદાસજીના વડપણ હેઠળના સંતો પધાર્યા હતા. કથાના વક્તાપદે પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા સ્વામી લક્ષ્મણપ્રકાશ દાસજી રહ્યા હતા.

કથાના ત્રીજા દિવસે પુ. સ્વામી બાલકૃષ્ણ દાસજી સંતવૃંદ સાથે પધાર્યા હતા અને રાત્રે ઠાકરથાળી ઉજવી હતી. ચોથા દિવસે ભુજનગરથી મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજી પધાર્યા હતા અને યજમાનશ્રીઓને તથા શ્રોતાજનોને સંપથી રહેવા તથા સાથે મળી કાર્ય કરવાની શીખ આપી હતી. પાંચમા દિવસે યજમાન તરફથી સર્વે સત્સંગીઓને ભોજનપ્રસાદ જમાડીને પ્રસંગની પૂર્ણાહુતિ કરવામાં આવી. અહેવાલ : શી. ના. ભુવા (કેરા)

# શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-વિલેપાર્લા : ફૂલદોલ ઉત્સવ

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-વિલેપાર્લે મુંબઈ ખાતે તા. ૯-૩-૨૦૧૨, શુક્રવારના રોજ શ્રી નરનારાયણ જયંતિ નિમિત્તે ફૂલડોલોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેનો બહોળી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો અને સાંજે સત્સંગસભા રાખવામાં આવી હતી. જે અંતર્ગત સ્વામી ભક્તિવિહારીદાસજી ત. સ્વામી નિર્ભયજીવન દાસજીએ નંદસંતો રચિત કીર્તન અને ધુનની રમઝટ બોલાવી હતી અને સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા અને છેલ્લે શ્રીજી મહારાજની મહાઆરતી કરવામાં આવી હતી.

બાદમાં સૌ હરિભક્તોને ધાણીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. ગામ માંડવી (કચ્છ) અને હાલ મુંબઈના રહેવાસી એવા પ.ભ. શ્રી વાલજીભાઈ પ્રેમજી છભાડીયા તથા ધ.પ. રમીલાબેન પ્રસાદના યજમાન રહ્યા હતા તથા ગામ માધાપરના અને હાલ નાઈરોબી નિવાસી દેવુબેન પ્રેમજી પિંડોરીયા, પ.ભ. શ્રી ગોવિંદ કરસન વરસાણી તથા ધ.પ. સવિતાબેન ગોવિંદ વરસાણી માધાપરવાળ મહાઆરતીના યજમાન રહ્યા હતા. આ સભાનું સમગ્ર સંચાલન સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ કર્યું હતું.

તા. ૧૧-૩-૨૦૧૨, રવિવારના રોજ એક અનોખો ખીચડી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં નાના-મોટા સૌ હરિભક્તો લ્હાવો લઈ આનંદિત થયા હતા. સાંજે સત્સંગસભા અંતર્ગત સ્વામી ભક્તિવિહારીદાસજી તથા સ્વામી નિર્ભયજીવન દાસજીએ સ્વામિનારાયણ મહામંત્રની વિવિધ રાગની ધુનો દ્વારા હરિભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા અને સભા સમાપ્તિ વખતે સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી આદિ સંતો દ્વારા ભક્તોને સત્સંગની વાતો કરી આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ ખીચડી ઉત્સવનો પ્રારંભ થયો હતો. જેના યજમાન પ.ભ. પુંજા પરબત ચૌધરી તથા પ.ભ. શ્રી વસંત ગોકર અખઈ ચંદાત રહ્યા હતા. સમગ્ર સભાના સંચાલનનો દોર સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના હાથમાં રહ્યો હતો.

તા. ૧૮-૩-૨૦૧૨, રવિવારના એકાદશીના દિને સૂકીભાજી ઉત્સવ ઉજવાયો હતો. સાંજે સત્સંગસભા યોજાયેલ હતી. જેમાં સ્વામી ભક્તિવિહારીદાસજી તથા સ્વામી નિર્ભયજીવન દાસજીએ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની વાજીંત્ર સહિતની ધુનના નાદથી સમગ્ર મંદિરને ભક્તિમય બનાવી દીધું હતું. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ ઉપસ્થિત સૌ હરિભક્તોને સત્સંગનો મર્મ સમજાવ્યો હતો અને આશીર્વાદ આપ્યા હતા. બાદમાં અંદાજે ૬૦૦ થી ૭૦૦ હરિભક્તોએ સમૂહ સૂકીભાજીનો મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો અને એક હરિભક્ત તરફથી સહુ ભક્તોને પેંડાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના નેતૃત્વમાં દર રવિવારની સત્સંગ સભાઓમાં શ્રીજી મહારાજને રાજી કરવા અને ભક્તોનો સત્સંગ વધે અને કલ્યાણ અર્થે અવનવા ઉત્સવો ઉજવવામાં આવે છે. જેથી દરેક હરિભક્તો ખૂબ રાજી છે અને દર શનિવારે રાત્રે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સભા થાય છે જેમાં મોટી સંખ્યામાં યુવકો આવે છે અને સંતો દ્વારા કથા-વાર્તા સત્સંગનો અનેરો લાભ લે છે તથા દર રવિવારે સાંજે સત્સંગસભા રાખવામાં આવે છે. જેનો દૂરદૂરથી નાના મોટા સૌ હરિભક્તો લાભ મેળવે છે અને દરેક ઉત્સવોમાં લાલજીભાઈ ખીરા શાહ, ઘનશ્યામ પુંજા નીશર, લાલજી કાનજી નીશર, નરસિંહભાઈ ઢાઢી, ભાસ્કરભાઈ દવે અને ખીમજીભાઈ આંણદા પટેલ આદિ ટ્રસ્ટીમંડળનો ખૂબ જ સારો સાથ સહકાર મળે છે.

- અહેવાલ : પરેશ તુલસીદાસ સાંખલા

## શ્રી હરિ તપોવન ગુરુકુલ ગંગાજી-રામપર વેકરા : ફૂલદોલ ઉત્સવ

ફાગણ વદ ૧ દિનાંક : ૦૯-૦૩-૨૦૧૨ના રોજ ગંગાજીની પાવન ગોદમાં સ્થિત શ્રીહરિ તપોવન ગુરુકુલ-ગંગાજી,રામપર-વેકરા ખાતે ભગવાન શ્રી નરનારાયણદેવની જયંતિ નિમિત્તે ભવ્ય ફૂલડોલોત્સવનું દિવ્ય આયોજન થયું હતું. સ્વામી શ્રી સત્યજીવનદાસજીના માર્ગદર્શન હેઠળ શ્રીહરિના બાલ ભક્તોએ અર્થાત્ ગુરુકુલના વિદ્યાર્થીઓએ ઉત્સવની હોંશભેર તૈયારી કરી હતી. આ ઉત્સવ માટે આસપાસના ગામ રામપર,વેકરા અને વાડાસરથી ફુલની સેવા આવી હતી. સંચાલક શાસ્ત્રી સ્વામી શ્રી દેવચરણદાસજીએ પ્રાતઃકાળે હિંડોળે ઝુલતા ઠાકોરજીની પ્રથમ આરતી ઉતારી ઉત્સવનો શુભારંભ કર્યો હતો. પુ. સ્વામી શ્રી શાંતિસ્વરૂપદાસજીએ દેવને સ્વાદિષ્ટ વ્યંજનનો થાળ ધરી સૌને મહાપ્રસાદ જમાડ્યો હતો.

સાયંકાળે શાસ્ત્રી સ્વામી શ્રી દેવચરણદાસજીએ સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવતાં ભગવાન શ્રી નરનારાયણદેવના પ્રાગટ્યની કથા સંભળાવી હતી. તેઓશ્રી એ કહ્યું હતું કે, જેમ શ્રી નરનારાયણદેવે સહસ્ત્રકુંચી નામના દૈત્યને બ્રહ્માજીના વરદાન થકી મળેલ એક હજાર કવચને ભાંગી તેને ગતિ આપી એમ આપણે પણ તન મન અને ધનથી જો શ્રી નરનારાયણદેવની ભક્તિ કરીશું તો તેઓ આપણા પર ઘાત કરતા વિકારો અને પ્રમાદરૂપી દૈત્યનો સંહાર કરી આપણને પવિત્ર જીવનની ભેટ આપશે.ફૂલડોલોત્સવના વિદ્યાર્થી બાલદાતાઓને રંગબેરંગી બોલપેનના સેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અંતે સ્વામિનારાયણ મહામંત્ર ધૂનની રમઝટ અને વિદ્યાર્થીદાતાઓના હસ્તે ઠાકોરજીની આરતી ઉતારી ઉત્સવનું સમાપન થયું હતું.

અહેવાલ : નયનકુમાર હ. ચાવડા

## માનકુવા : કથા પારાયણ

શ્રીહરિની ચરણરજથી પાવન એવા માનકુવા ભક્તિનગરને આંગણે સાં.યો. પ્રેમબાઈ નારણ દેવરાજ ગોરસીયા તરફથી તા. ૬-૩-૨૦૧૨ થી તા. ૧૦-૩-૨૦૧૨ સુધી કથા પારાયણનુંઆયોજન કરવામાં આવ્યું હતું. તા. ૯-૩-૨૦૧૨ ના ભવ્યાતિભવ્ય રંગોત્સવ આચાર્ય મહારાજશ્રીએ કરેલ. આ આયોજન ભક્તિનગરને આંગણે પ્રથમવાર કરવામાં આવ્યું હતું. આચાર્ય મહારાજશ્રી, પૂ. ગાદીવાળાશ્રી, મોટા બહેનશ્રી પણ બહેનોના મંદિરમાં પધાર્યા હતા. સૌ હરિભક્તોને અતિ આનંદ થયો.

આ પ્રસંગે મહંત શામબાઈ ફઈએ કહ્યું કે આ જગનમાં દરરોજ સાંજે દેવો આકાશમાં પુષ્પ લઈને પધારે છે. સંતોએ પણ આશીર્વચન પાઠવ્યા હતા. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજીએ કથામૃતનું રસપાન કરાવ્યું હતું અને નિયમ ચેષ્ટાના પદ શીખેલ તે બહેનોને ભેટ અર્પણ કરવામાં આવી હતી. યુવકમંડળના હરિભક્તોને આસન ભેટ કરેલ. બહુજ મોટું આ સાંખ્યયોગી પ્રેમબાઈનું આયોજન અતિ આનંદ તેમજ સંતોના આશીર્વાદથી આ જગન પૂરો થયો. ઘણા સંતો પણ આશીર્વાદ આપવા બહેનોના મંદિરમાં પધાર્યા હતા. સંચાલન સ્વામી અક્ષરપ્રિય દાસજીએ સંભાળ્યું હતું. બાળમંડળની બાલિકાઓ તથા ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સાં.યો. પ્રેમબાઈ નારણ ગોરસીયાના આ આયોજનને ગામના તમામ હરિભક્તો તેમજ બહેનનોએ આ કાર્ય ધામધૂમથી શોભાવ્યું હતું.

- અહેવાલ : વંશી દેવજી જોધાણી (ભક્તિનગર)

## સરદાર પટેલ નગર (ભુજ) : શાકોત્સવ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાર્થે અને પ.પૂ.સ.ગુ. મહંત સ્વામી પુ. ધર્મનંદનદાસજી તેમજ અન્ય સંતોના રૂડા આશીર્વાદથી બુધવાર, તા. ૭-૩-૨૦૧૨ ના રોજ અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરે 'શાકોત્સવ' ધામધૂમથી ઉજવાઈ ગયો. જેમાં સંધ્યા આરતી વખતે મહાઆરતી રાખેલ હતી. ત્યારબાદ શાકોત્સવમાં તમામ બહેનોએ ખૂબ ખંતથી સેવાઓ આપીને બાજરાના રોટલા-વૈતાકનું શાક વગેરે જાતે બનાવીને ઠાકોરજીને પ્રસાદ ધરાવીને સૌ સત્સંગઓએ પ્રસાદરૂપી સમુહ ભોજન લઈને ઉત્સવની સમાપ્તિ કરેલ હતી.

- અહેવાલ : લાલજી વાલજી હીરાણી

## કચ્છ શ્રી ન. ના. દેવ યુવક મંડળ : પ્રાંતિય શિબિર- ભુજ ઝોન-૧

તા. ૪-૩-૨૦૧૨ ના રોજ શ્રીજી મહારાજની પ્રસાદીરૂપ ફકીરવાડી મધ્યે ભુજ ઝોનની એક દિવસીય શિબિરનું આયોજન થયેલ. જેમાં ભુજ, મીરજાપર, સુખપર, મદનપુર, નરનારાયણનગર, હરિપર અને માધાપરના યુવાન હરિભક્તોએ મોટી સંખ્યામાં હાજરી આપીને અલભ્ય લાભ લીધો હતો. પવિત્ર એકાદશીના પાવન દિવસે સવારે ૮ઃ૩૦ વાગ્યે શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીના મધુર સ્વરમાં ધૂન, કીર્તન ગૂંજતા થયા. ત્યારબાદ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી સાથે વડીલ સંતો તથા દરેક ગામના યુવક મંડળના પ્રમુખના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને શિબિરની શરુઆત કરવામાં આવી. ઉપસ્થિત સંતોનું હાર પહેરાવીને પૂજન કરવામાં આવ્યું. શિબિરની શરૂઆતમાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વચન આપીને યુવક મંડળના સંતોના અથાગ પ્રયત્નોની કામગીરીને બિરદાવી હતી તથા ફકીરવાડીનો ઈતિહાસ સમજાવ્યો. ત્યારબાદ વડીલ સ.ગુ.સ્વામી નિરન્નમુક્ત દાસજીએ આશીર્વાદ સાથે શ્રીજી મહારાજે મૂર્તિ પ્રતિષ્ઠા વખતે બતાવેલા ઐશ્વર્યની વાતો કરી.

શાસ્ત્રી સ્વામી પરમહંસદાસજીએ વચનામૃતનું વાંચન કરીને તેનું અદ્‌ભુત વિવેચન કર્યું. ભગવાન પ્રત્યેની દૃઢ નિષ્ઠાની સમજણ આપી. ગાંધીધામ ગુરુકુળથી પધારેલા ડો. સ્વામી સત્યપ્રસાદદાસજીએ પોતાની આગવી શૈલીમાં આંતરિક સાધના, બાહ્ય સાધનાનું મહત્ત્વ સમજાવ્યું. ગુરુ, દીક્ષા, મંત્ર, માળા, દેશ, આસન, શાસ્ત્ર અને મૂર્તિના ધ્યાનની રીત સમજાવી. સ્વામી સંતસ્વરૂપ દાસજીએ સંયુક્ત કુટુંબ પ્રથા પર ભાર મુકતાં પ્રેમ, સુખ, શાંતિ અને સહનશક્તિની ભલામણ કરી હતી.

આ શિબિરમાં સૌ હરિભક્તોએ પોતાના ટિફિનમાં લઈ આવેલ ફરાળી વાનગીઓ તથા ફળો હરિકૃષ્ણ મહારાજ પાસે ધર્યા. થાળ બોલી સૌએ માનસીપૂજા કરી. ત્યારબાદ સૌએ વનભોજન કર્યું. વિશ્રામના સમયમાં શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિય દાસજીએ ગુરુમંત્ર ગ્રહણ કરી લીધેલા હરિભક્તોને એકાંતમાં બેસાડી ગુરુમંત્રનો સ્પષ્ટ ઉચ્ચાર, ગુરુમંત્ર લીધા બાદ પાડવાના વિશેષ નિયમોની સમજ આપી. ૩ઃ૩૦ કલાકે સ.ગુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજીએ ઉત્થાપનની માનસી પૂજા કરાવીને સૌ હરિભક્તોને ભાવવિભોર કરી દીધા અને ભારતયાત્રાનું વર્ણન કર્યું. ત્યારબાદ સત્સંગના જ્ઞાન અંગેનું પ્રશ્ન પેપર આપીને પરીક્ષા લેવામાં આવી. કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગતે શ્રી નરનારાયણદેવ પ્રત્યે અનન્ય નિષ્ઠા રાખીને બીજે ન ભટકવાની શીખ આપી. શિબિરના સમાપને સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી સ્વામીએ ઈન્દ્રિયોના ગુલામ ન બનવા તથા નિષ્કામભાવથી ભગવાન ભજવાની વાત સાથે આશીર્વચન આપ્યા હતા.

સમગ્ર શિબિરનું સંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કર્યું હતું.

- અહેવાલ સંકલન : સંજયભાઈ અનમ

## અક્ષરવાસ

અ.નિ. મહંત સાં.યો. અમરબાઈ રામજી કેરાઈ (ઉ.વ. ૮૬) (રામપર જુ.વા.) ગુરુ સાં.યો. મહંત કાનબાઈ તા. ૧૧-૨-૨૦૧૨ મહા વદ ૪, શનિવારના શ્રીહરિ સ્મરણની સાથે શ્રીજીચરણ પામ્યા છે. તા. ૧૨-૨-૨૦૧૨ના સવારે ફઈબાના પંચભૌતિકદેહને પાલખીના રૂપમાં શણગારીને ભગવાનના નામઘોષની સાથે વાજતે-ગાજતે ત્રિવેણી સંગમમાં લઈ જઈને અગ્નિ સંસ્કારવિધિ કરવામાં આવ્યો હતો.

- અહેવાલ : સાં.યો. બહેનો (રામપર)

# વિદેશ સમાચાર

## ક. સ. શ્રી સ્વામિ. મંદિર વુલ્વીચ (યુ.કે.) : વાર્ષિક જનરલ સભા

કચ્છ સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિર સા. ઈ. લંડન વુલ્વીચ-યુ.કે. મધ્યે તા. ૬-૧-૨૦૧૨, શનિવારે મંદિરની વાર્ષિક જનરલ સભા બોલાવવામાં આવેલ હતી.

પ્રથમ પ્રમુખશ્રીની રજાથી સભાનું કાર્ય શરૂ કરવામાં આવેલ. તેમાં પ્રથમ પ્રમુખ શ્રી લાલજીભાઈ શામજી હાલાઈએ સભામાં ઉપસ્થિત તમામ ભક્તજનોનું હાર્દિક સ્વાગત કરેલ ત્યારબાદ કાર્યક્રમના ક્રમ અનુસાર મીનીટ નોંધ તેમજ મંદિરનો અહેવાલ વાંચી સંભળાવેલ. તેમાં કંઈ સુધારો ન જણાતાં સર્વાનુમતે માન્ય રાખેલ.

ત્યારબાદ ગત વર્ષનો મંદિરનો આવક જાવકનો હિસાબ મંદિરના ટ્રસ્ટી શ્રી લાલજીભાઈ કુંવરજી હીરાણીએ વાંચી સંભળાવેલ ત્થા સમજાવેલ. તેના ઉપરથી ઉપસ્થિત પ્રશ્નોના જવાબો ટ્રસ્ટીશ્રીએ સંતોષકારક આપેલ. સભાજનોએ સંતોષ વ્યક્ત કરેલ.

ત્યારબાદ સભામાંથી ઉપસ્થિત થતા પ્રશ્નોના જવાબો પ્રમુખ શ્રી લાલજીભાઈ હાલાઈએ આપેલ અને સભાજનોએ સંતોષ વ્યક્ત કરેલ. ત્યારબાદ સભામાંથી ઉપસ્થિત થતા પ્રશ્નોના જવાબો પ્રમુખ રી લાલજીભાઈ હાલાઈએ આપેલ અને સભાજનોએ સંતોષ વ્યક્ત કરેલ. અત્યાર સુધીનો નૂતન મંદિરનો અહેવાલ પ્રમુખશ્રીએ સભાજનો આગળ રજુઆત કરેલ.

ત્યારબાદ નવી સમિતિની નિમણૂંક સર્વાનુમતે કરવામાં આવેલ. જે નીચે મુજબ છે.

પ્રમુખ : શ્રી લાલજીભાઈ શામજી હાલાઈ (માંડવી), ઉપપ્રમુખ : શ્રી વેલજીભાઈ રામજી હીરાણી (આ. સુખપર), મંત્રી : શ્રી માવજીભાઈ કરસન છભાડીયા (માંડવી), ઉપમંત્રી : શ્રી હીરજીભાઈ કાનજી ભુડિયા (વેકરા), સહમંત્રી : શ્રી ભાવેનભાઈ નવીનચંદ્ર પાઠક (અમદાવાદ), ખજાનચી : શ્રી વિનોદભાઈ વેલજી ભુડિયા (નારાણપર), ઉપખજાનચી : શ્રી પરબતભાઈ શીવજી કેરાઈ (માંડવી), સહખજાનચી : શ્રી જયેશભાઈ ધનજી હીરાણી (આ. સુખપર).

ટ્રસ્ટીશ્રીઓ : શ્રી ધનજીભાઈ રવજી હીરાણી (આ. સુખપર), શ્રી લાલજીભાઈ કુંવરજી હીરાણી (આ. સુખપર), શ્રી ધનજીભાઈ પ્રેમજી ડુંગરાણી (રામપર), શ્રી રવજીભાઈ ધનજી પિંડોરીયા (આ. સુખપર), શ્રી શામજી કુંવરજી રાબડીયા (સરલી).

આ પ્રમાણે ઉપરોક્ત કાર્યવાહક સમિતિની નિમણૂંક સર્વાનુમતે કરવામાં આવેલ.

સભાનું વિસર્જન કરતાં પ્રમુખ શ્રી લાલજીભાઈ હાલાઈએ તમામ ભક્તજનોનો આભાર માન્યો અને સભાજનોને ભલામણ કરેલ કે આપણે નૂતન મંદિરના કાર્યમાં તમામ ભક્તજનો સાથ અને સહકાર આપશો અને આ ભગવાનના કાર્યમાં બધાને જોડાઈ જવાનું છે અને સાથે રહી કામ કરવાનું છે. દરેક પ્રકારે સેવા કરવામાં ભગવાન સૌને બળ અને શક્તિ આપે તેવી ભગવાનના ચરણોમાં પ્રાર્થના સાથે આપ સૌ ભક્તજનોને જય શ્રી સ્વામિનારાયણ.

- અહેવાલ : હીરજીભાઈ કાનજી ભુડિયા (ઉપમંત્રી)

## ઓલ્ડહામ : વાર્ષિક જનરલ સભા

શ્રી સ્વામિનારાયણ મંદિર, ઓલ્ડહામ (યુ.કે.) મધ્યે તા. ૨૦-૨-૨૦૧૨, શનિવારે સાંજે મંદિરની વાર્ષિક જનરલ મીટીંગ રાખવામાં આવેલ. જેમાં વાર્ષિક આવક-જાવકનો હિસાબ વાંચી સંભળાવેલ હતો તેમજ નીચે મુજબ કાર્યવાહક કમિટીની ચૂંટણી દર વર્ષ મુજબ નીચે પ્રમાણે કરવામાં આવેલ છે.

પ્રમુખ : શ્રી હિતેશભાઈ પરબત ભુડિયા-કેરા, ઉપપ્રમુખ : શ્રી વાલજીભાઈ રામજી વેકરીયા-બળદિયા, મંત્રી : શ્રી હરજીભાઈ કલ્યાણ વેકરીયા-બળદિયા, ઉપમંત્રી : શ્રી વિનોદભાઈ પરબત વેકરીયા-નારણપર, ખજાનચી : શ્રી જીતેન્દ્રભાઈ ભીમજી કારા-દહીંસરા, ઉપખજાનચી : શ્રી અનિલભાઈ ધનજી કારા-દહીંસરા, કોઠારી : શ્રી શીવજીભાઈ કરસન કેરાઈ-નારાણપર, ઉપકોઠારી : શ્રી સંજયભાઈ પરબત કેરાઈ-નારાણપર, સભ્યો : શ્રી પ્રેમજીભાઈ વેલજી વેકરીયા-બળદિયા, શ્રી સુરેશભાઈ પ્રેમજી ગોરસીયા-નારાણપર, શ્રી ભીમજીભાઈ કલ્યાણ વેકરીયા-બળદિયા, શ્રી ગોવિંદભાઈ રામજી વેકરીયા-બળદિયા, શ્રી પ્રવીણભાઈ મુરજી વેકરીયા-બળદિયા.

- અહેવાલ : હરજીભાઈ કલ્યાણ વેકરીયા (મંત્રી)

## શ્રી પૂ. આ. સત્સંગ સ્વામિ. મંદિર : સત્સંગ શિબિર

આજના યુગમાંમાં વ્યસન, ફેશન અને વિષયોને કારણે સુસંસ્કારોને ભૂલી જતા બાળકો અને યુવાનોમાં સુસંસ્કારોનું સિંચન થાય તે માટે અ.નિ. પૂ. મહંત સ્વામીએ શ્રી ઘનશ્યામ બાલ મંડળ અને કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના કરી અને વિદેશમાં શ્રી સ્વામિનારાયણ યુવક મંડળની સ્થાપના કરી. જેનું પોષણ યુવાન સંતો સભા, શિબિર, પ્રવાસ વગેરે વિવિધ આયોજન દ્વારા કરી રહ્યા છે. આ વર્ષે આફ્રિકામાં સત્સંગ પ્રચારાર્થે આવેલ સંતોએ વિચરણ દરમ્યાન ઈસ્ટ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરમાં બે દિવસીય સત્સંગ શિબિરનું આયોજન કરેલું હતું.

તા. ૧૪-૧-૨૦૧૨ ના શનિવારે સવારે સંતોએ દીપપ્રાગટ્ય કરી શિબિરની શરૂઆત કરી. પૂ. કૃષ્ણપ્રિયદાસજી સ્વામીએ આશીર્વચન આપ્યા બાદ શા. સ્વામી નારાયણમુનિદાસજીએ પ્રેઝેન્ટેશન દ્વારા યજ્ઞ વિષય પર શિબિરાર્થીઓને સારું માર્ગદર્શન આપ્યું. ત્યારપછી ગ્રુપ ચર્ચા કરવામાં આવી હતી.
બપોર પછીના સમયમાં ફૂટબોલની સ્પર્ધા રાખવામાં આવી હતી. સાંજે નિત્યનિયમ કરી સ્લાઈડ દ્વારા 'ઓળખી બતાવો' ગેમ રમાડવામાં આવી હતી.

બીજે દિવસે રવિવારે સવારે સમૂહપૂજા કરી પ્રભાતફેરીનું આયોજન કર્યું. બાદ સ્વામી વ્યાસમુનિ દાસજીએ કથાનું વાંચન કર્યું. ત્યારબાદ સ્વામી સંતસ્વરૂપદાસજીએ પ્રેઝેન્ટેશન દ્વારા આદર્શ જીવન પર જીવનમાં કેમ વર્તન રાખવું તે શીખવ્યું. બાદ ગેમનો આનંદ લીધો. બપોર પછી ફરી 'પૂન્ય કમાવો' ગેમ રમાડવામાં આવી હતી. ત્યારબાદ બાળકો-યુવાનોના પ્રવચન સંતોના આશીર્વાદ સાથે ઈનામ આપી રાસ રમી શિબિર વિરામ પામી. આ શિબિરમાં યુવાનો વડીલો રસોઈ તેમજ અન્ય વ્યવસ્થાઓમાં ખૂબ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પુરાણી સ્વામી સંતસ્વરૂપદાસજીએ કર્યું હતું.

- અહેવાલ : અરવિંદ ભુડિયા

## શ્રી સ્વામિ. ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦/- નારાણ વિશ્રામ ભગત-રવાપર પૌત્ર હાર્દિક ચંદ્રકાન્ત યુ.કે.માં એમ.બી.એ. થયા તે નિમિત્તે ભેટ.
૧૦૦૦/- સત્સંગી યાત્રીઓ - સંતો સાથે હરિભક્તોની યાત્રા સુખમય પૂર્ણ થઈ તે નિમિત્તે ભેટ.
૪૦૦/- અ.નિ. નાનજી મનજી વરસાણી, ધ.પ. અ.નિ. માનબાઈ નાનજી વરસાણી, અ.નિ. રાધાબાઈ શામજી વરસાણી, અ.નિ. ગોવિંદ નાનજી વરસાણીના મોક્ષાર્થે હ. પુરબાઈ ગોવિંદ વરસાણી - માનકુવા
૧૧૧/- વેલજીભાઈ માવજી ચૌધરી - ઘડાણી નવી બાઈક ખરીદી તે નિમિત્તે ભેટ.
૫૦૦/- વિશ્રામ કરસન ગોરસીયા-બળદિયા ઓસ્ટ્રેલિયા મેલબોર્ન મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે ભેટ.
૨૫૧/- દિપક જયંતિલાલ સુથાર - રાપર કોંક્રેટ મિક્ષ્ચર ખરીદ્યું તે નિમિત્તે ભેટ.
૫૦૧/- હીરજી ધનજી લાછાણી-માધાપર માતુશ્રી અ.નિ. રાધાબાઈ ધનજી લાછાણીના મોક્ષાર્થે ભેટ.
૫૦૦/- અ.નિ. શિવજી માવજી ગોંડરીયા - કોડકીના મોક્ષાર્થે હ. કુંવરબાઈ તેમજ સુપુત્રો પ્રેમજી તથા ખીમજી.

૧૧૧/- શિવજી ધનજી પિંડોરીયા માસ્તર - માધાપર જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૧૧/- શિવજી ધનજી પિંડોરીયા માસ્તર - માધાપર મહંતસ્વામીના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૦/- કુંવરજી મુરજી ભુડિયા-માંડવી સુપુત્રી ચિ. ભાવનાબેનના શુભ લગ્ન પ્રસંગે ભેટ.
૨૦૦/- નારાણ રત્ના ભુડિયા-ફોટડી સુપુત્રી ચિ. ભારતી હાલે ઓસ્ટ્રેલિયાના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૦૦/- કુસુમબેન વિનોદભાઈ રાવલ - ભુજ સંતોની ઘરે પધરામણી થઈ તે નિમિત્તે ભેટ.
૧૦૧/- ભીમજી શીવજી ગામી-કેરા હાલે લંડન પ્લોટ ખરીદ કર્યો તે નિમિત્તે ભેટ.
૨૫૧/- બ્રિજેશ પ્રકાશ હીરાણી - બળદિયા ઉ.વા. જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૫૫૧/- પરબત મુરજી વેકરીયા-મીરજાપર હાલે મોમ્બાસા, મોમ્બાસા મંદિરે વસંતપંચમીની ઉજવણી નિમિત્તે ભેટ.
૫૫૦/- શ્રી સ્વામિ. યુવક મંડળ-પર્થ ઓસ્ટ્રેલિયા સંતોની પર્થમાં પધરામણી તથા માંડવી મંદિરે ઠાકરથાળી નિમિત્તે ભેટ.
૨૫૦/- નિશ્ચય સંજય નીસર-ભચાઉ હાલે મુંબઈ જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૫૦/- કાવ્ય સંજય નીસર - ભચાઉ હાલે મુંબઈ જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૧૧/- મૃદુલાબેન લાભશંકર દવે-માધાપર સુપુત્ર ચિ. કમલ ઉર્ફે ઘનુના વિદેશગમન નિમિત્તે ભેટ.
૫૦૦/- અ.નિ. શામબાઈ વેલજી ભુવા - નરનારાયણનગર હ. પ્રેમજીભાઈ કથા પારાયણ નિમિત્તે ભેટ.
૨૫૧/- જ્યોતિબેન હરીશભાઈ કેરાઈ - માનકુવા, પુત્રી વૈદેહીના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૧૧/- વરુણ દામજીભાઈ પલણ-ભુજ પુત્ર ચિ. ભુવનના નામકરણ સંસ્કાર નિમિત્તે ભેટ.

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૬૫
''શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ'' માસિક અંગેની માહિતી
ફોર્મ નં. ૪ જુઓ રૂલ નં. ૮

| | | |
|---|---|---|
| પ્રકાશનનું સ્થળ | : | શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ કાર્યાલય - ભુજ |
| પ્રકાશનની સામયિકતા | : | માસિક |
| મુદ્રકનું નામ | : | મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ. પીન ૩૭૦ ૦૦૧. |
| તંત્રીનું નામ | : | શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી |
| જે વ્યક્તિઓએ અખબારના માલિક હોય, જાતે કુલ્લ થાપણના એક ટકાથી વધારે રોકનાર ભાગીદારો અથવા શેર હોલ્ડર્સ હોય, તેમના નામ સરનામાં. | | શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ ની માલિકી |

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર જણાવેલ વિગતો અમારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧-૪-૨૦૧૨
શાસ્ત્રી ગોવિંદપ્રસાદદાસજી
તંત્રી






પૂ. વક્તાશ્રીનું પૂજન કરતા તેમજ પોથીની આરતી ઉતારતાં પ.પૂ મહંત સ્વામી તેમજ પૂ. પ્રભુચરણદાસજી સ્વામી આદિ વડિલ સંતો





શ્રી ઘનશ્યામ મહારાજના શીખરના યજમાનશ્રી પ.ભ. સામજી ધનજી હીરાણી સહપરિવાર તથા મૂર્તિ સહિત મહાદેવજીના મંદિરના યજમાનશ્રી પ.ભ. વાલજી કાનજી હીરાણી પરિવાર વતીથી કાકા પ.ભ. શ્રી રવજી રામજી હીરાણી











શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખ કરી મહામંત્ર લેખનની શરૂઆત કરાવતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી તથા કેશવપ્રસાદદાસજી તથા સાં.યો. બહેનો ભુજ - તથા અંજારના મહંત










(૧) શ્રી રાધાકૃષ્ણ ભગવાનના મંદિરની શીલા પધરાવતા યજમાન પ.ભ. હિતેનભાઈ છગનલાલ નારણજી સોની સાથે પરિવારના અન્ય સભ્યો. (૨) સુખશય્યા મંદિરની શીલાનું પૂજન કરતા યજમાન અંજાર મંદિરના મહંત સાં.યો. ત્રિવેણીબેન તથા ભુજ મંદિરના મહંત સાં.યો. સામબાઈ તથા અન્ય સાં.યો. બહેનો. (૩) સભામંડપની શીલાનું સ્થાપન કરતા યજમાન શ્રી પ.ભ. વેલજીભાઈ રત્ના સોરઠીયા (ભગત) પરિવાર તથા સુપુત્રો સાથે પાર્ષદ જાદવજી ભગત (૪) કથાશ્રાવણ કરતા અખિલ કચ્છ વિસ્તારના સમસ્ત ભક્તજનો. (૫) કથાશ્રવણ કરતા અખિલ કચ્છના સર્વે બહેનો ભક્તજનો. (૬) કથા રસપાન પૂજન કરતા યજમાન પરિવારના બહેનો ભક્તજનો. (૭) કથા શ્રવણ કરતા ભુજ મંદિરના મહંત સાં.યો. સામબાઈ તથા અંજાર મંદિરના મહંત સાં.યો. ત્રિવેણીબેન તથા અખિલ કચ્છ વિસ્તારના સાં.યો. બહેનો . (૮) શ્રી ગણપતીજીની મૂર્તિનું શીલાપૂજન કરતા યજમાન પ.. રતનશીભાઈ કરમશી પોકાર પરિવાર.